Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

408

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

मग्नान्संसृतिवारिधौ हतसुखान्दृष्ट्वा जनानां व्रजान्
तानुद्धर्तुमना दयार्द्रहृदयो रुध्वेंद्रियाश्वान् जवात् ।
जन्तून्मा जहि ज्ञानतः प्रशमय क्रोधादिशत्रूनिति
'आत्मानन्द प्रकाश' मादिशदसौ जीयाद्जिनेंद्रः प्रभुः ॥१॥

पु. १९. | वीर सं. २४४८ श्रावण आत्म सं. २६ | अंक १ लो

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| ૧ નૂતન વર્ષારંભે–માંગલ્ય ભાવના... | ૧ | ૫ ઉદ્દેશની એકતા... ... ... | ૯ |
| ૨ નૂતન વર્ષારંભના ઉદ્ગારો. ... | ૩ | ૬ જીવનનાં વિશુદ્ધિમય વાતાવરણો. | ૧૫ |
| ૩ કચ્છ, કાઠિયાવાડ, ગુજરાતાદિ સ્થળે ચાતુર્માસ રહેલા સાધુ-સાધ્વીને બે બોલ... ... ... | ૭ | ૭ સ્વઓળખાણ સંબંધી સ્થૂલ વિચારણા.... ... ... ... | ૧૯ |
| ૪ જીવનમાં જ્યોતિ પ્રકટાવવા વિભુને પ્રાર્થના. ... ... ... ... | ૮ | ૮ આપણો અમુલ્ય વારસો. ... | ૨૩ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા ગ્રાહકો પ્રત્યે બે બોલ.

## ભેટની બુકના વી૦ પી૦ નું કામ પૂર્ણ થયું છે.

દર વર્ષ મુજબ આ વર્ષે પણ ભેટની બુકનું વી૦ પી૦ સ્વીકારી લવાજમ વસુલ આપનાર આ માસિકની કદર કરનાર ગ્રાહકોનો અમો ઉપકાર માનીએ છીએ; પરંતુ કેટલાક પ્રમાદિ ગ્રાહકોએ બાર અંકો સુધી ગ્રાહક રહી, અમોએ અગાઉ માસિકદ્વારા સુચના આપ્યા છતાં વી૦ પી૦ મોકલવા તેઓએ ના નહી લખવાથી અમોએ ભેટની બુક વી૦ પી૦ કરી મોકલી છતાં પાછી વાળી નાહક જ્ઞાન ખાતાને નુકસાન કરેલ છે. જોકે તેવા ગ્રાહકોની ઘણી અલ્પ સંખ્યા છે તોપણ પાછું વાળનાર ગ્રાહક મહાશયે તેમ કરવા જરૂર નહોતી; તોપણ તેઓ ફરી ભેટની બુક મંગાવી લવાજમ મોકલી આપશે. આવી કાગળ છપાઈ વગેરેની સખ્ત મોંઘવારી છતાં (માસિકનું કાંઇ પણ લવાજમ નહીં વધાર્યા છતાં નિયમિત દર વર્ષે અને વળી આટલા ફારમની મોટી ભેટની બુક માત્ર સસ્તી કીંમતે વાંચનનો બહોળો લાભ આપવાના હેતુથીજ જૈન સમાજને અમો આપીયે છીયે, ) તે સુજ્ઞ ગ્રાહકોની ધ્યાન બહાર નહીં હોવાથીજ તેમજ અનેક ઉત્તમ લેખો વાંચન માટે આપી અમો સમાજ સેવાને બજાવીએ છીએ તેને લઇને, દરમાસે ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે જેથી જેમની પાસે આ વર્ષનું કે આગલા વર્ષનું લવાજમ લેણું છે તેઓએ લવાજમ મોકલી જ્ઞાન ખાતાના દેવામાંથી મુક્ત થવા અમારી નમ્ર સુચના છે. સસ્તી અને ઓછી કિંમતે વાંચનનો બહોળો ફેલાવો કરવાની ઉદાર ભાવનાને સભાએ જે રાખી છે; તે અમારા માનવંતા ગ્રાહકો લક્ષમાં લઇ આવા ઉત્તમ લેખોનો લાભ બીજા આપણા બંધુઓ કેમ વધારે લે તે માટે દરેક સુજ્ઞ ગ્રાહકોએ એક એક બબે ગ્રાહક કરવા પ્રયત્ન કરશો એવી આશા રાખીએ છીએ.

---

# સુજ્ઞ ગ્રાહકોને નમ્રવિનંતિ.

હાલમાં સભામાં કારકુન નવો રાખેલ હોવાથીજ આ વખતે ભેટની બુકની વી૦ પી૦ ની શરૂઆતમાં વી૦ પી૦ રૂા ૧-૮-૦ ને બદલે ભૂલથી રૂા ૧-૧૦-૦ ના વી૦ પી૦ શુમારે બસેંહ સંખ્યામાં કરી નાંખેલ છે જેથી જેજે ગ્રાહક બંધુઓએ રૂા ૧-૧૦-૦ નું વી૦ પી૦ સ્વીકાર્યું હોય તેમણે બે આના વસુલ લેવા અમોને લખી જણાવવું, જેથી પોસ્ટની ટીકીટ મોકલી આપીશું અને જેમનો જવાબ નહીં આવે તેમના ખાતે બે આના જમે કરી ચાલતા વર્ષના ભેટની બુકનું વી૦ પી૦ બે આનાનું ઓછું કરીશું માટે તેઓએ અમોને લખી જણાવવું. કારકુનની ભૂલ માટે ક્ષમા ચાહીયે છીયે.

માસિક કમીટી.

# મુનિ મહારાજાઓને નમ્ર વિનંતિ.

શ્રી ઉપાસક દશાંગસૂત્ર જે કે થોડા વખત ઉપર છપાઈ પ્રસિદ્ધ થયેલ હતું, તે સૂત્ર અમુક અમુક મુનિ મહારાજાઓને તે વખતે અમદાવાદ બીરાજતા પંન્યાસજી મહારાજશ્રી દાનવિજયજી મહારાજ મારફત ભેટ આપવામાં આવેલ છે, હવે તેની કેટલીક કોપીઓ અત્રે આવેલ છે, તો જે મુનિરાજશ્રીને બીલકુલ ભેટ ઉક્ત પંન્યાસજી મહારાજ મારફત ન મળી હોય તેઓશ્રીએ અમોને શ્રાવકના નામ સાથે લખી જણાવવું જેથી સીલીકમાં હશે ત્યાંસુધી પોસ્ટ પુરતા પૈસાનું વી૦ પી૦ કરી મોકલાવીશું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

तत्त्ववेदिभिरात्मनोऽन्तर्भावमभिलषता सकलकालं सर्वेण स्वविकल्पजल्पाचरणानां सार्थकत्वं यत्नतः परिचिन्तनीयम्, तद्वेदिनां च पुरतःकीर्तनीयम्, ते हि निरर्थकेष्वप्यात्मविकल्पजल्पव्यापारेषु सार्थकत्वबुद्धिं कुर्वाणमनुकम्पया वारयेयुः ।

पुस्तक १९ ] वीर संवत् २४४८ श्रावण. आत्म संवत् २६. [ अंक १ लो.

ॐ

( तत् सत् परमात्मने नमः )

## નૂતન વર્ષારંભે—માંગલ્ય ભાવના.

( હરિગીત. )

ધ્યેયપદ પામવા પ્રભુ પ્રાર્થના—

૧

નમિએ નિરંતર નવિન વરસે દેવશ્રી આદિ પ્રભો,
અજ્ઞાન તિમિર ઉચ્છેદવા [૧]આદિત્યસમ એ છે વિભો;
ધ્યાતા [૨]નિપાવે ધ્યેય પદને ધ્યાન જો નિશ્ચલ બને,
યાચું પ્રભો ! હું આ સમે એ યોગ્યતા અર્પો મને.

૧–સૂર્ય. ૨–પ્રાપ્ત કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રીમાન્ વિજયાનંદસૂરિજીને આત્મિક નમન—

૨

ગુરૂરાજ ગુણનિધિ ભવિક જનને બોધવા દૃઢતા ધરી,
વિચરી વિવિધ સ્થળે સદા **સ્યાદ્વાદશૈલી** વિસ્તરી;
ઉપદેશ તેમજ લેખને પુસ્તક બનાવ્યા તત્ત્વના,
શ્રી **વિજયાનંદસૂરિશને** હો નમન આત્મિક હૃદયના.

## સુજ્ઞ ગ્રાહક પ્રતિ આશિર્ વચન—

૩

આ નવિન વરષારંભમાં આશિશ છે આન્તર તણી,
સ્યાદ્વાદ્શૈલી રૂપ અમૃત ભોજ્ય છે ચિન્તામણી;
અર્પિશ એ ગ્રાહક પ્રતિ પ્રતિ માસ વિવિધ રસ ભરી,
શ્રી **આત્માનંદ પ્રકાશ** ઈચ્છે હૃદય શુદ્ધિ હજો ખરી.

## શ્રી આત્માનંદ સભાની ધર્મ પ્રસારક પ્રવૃતિ—

૪

છે રમ્ય આ સૌરાષ્ટ્રમાં ભાવિકની [1]**ભાવાપુરી,**
જ્યાં જૈનમંદિર શોભતા જાણું ખરે [2]અલકાપુરી;
ત્યાં **આત્માનંદ સભા** સદા શ્રી **જૈનધર્મ** પ્રસારવા,
પ્રકટાવે **આત્માનંદ** માસિક **આત્મ શુદ્ધિ** વધારવા.

પુસ્તક ૧૯
પ્રથમ પ્રવેશ શ્રાવણ } વેલચંદ ધનજી

૧—ભાવનગર. ૨—ઈંદ્રપુરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# नूतन वर्षारंभना उद्गारो.

આજે આ માસિક અઢારમું વર્ષ પસાર કરી ઓગણીસમા વર્ષમાં પ્રવેશ કરે છે. વીશ સ્થાનકના પદોમાં ઓગણીસમું પદ ' શ્રુતભક્તિ ' છે. ' આત્માનંદ પ્રકાશ' નામને સાર્થક કરતું આ માસિક વાચકોના જીવનમાં અધ્યાત્મ રસ ઉતરવાને ' શ્રુતનું ' અવલંબન કરી રહ્યું છે. તેના વાંચકોને શ્રુતજ્ઞાનની વાનકીઓ જુદા જુદા રસોથી પીરસી રહ્યું છે; અને ગુરૂ કૃપાથી ઓગણીમા વર્ષમાં–જ્ઞાનાનંદની મસ્તીરૂપ યુવાનીના દ્વારમાં–પ્રવેશ કરતું હોવાથી શ્રુતજ્ઞાનની વિવિધ વાનીઓ નવીન સ્વરૂપમાં ગ્રાહકો–વાંચકોને અર્પવા અભિલાષા રાખે છે.

જડસૃષ્ટિમાં પ્રકાશ, વિદ્યુત્ અને આકર્ષણશક્તિ (Action of gravity) વિગેરે અલૌકિક સામર્થ્યો રહેલા છે. તેમ જ્ઞાનપ્રદેશનાં પણ એવાં ગૂઢ સામર્થ્યો રહેલાં છે જે અનાદિકાળથી ભોગવિલાસમાં મગ્ન થયેલ આત્માને ઢંઢોળીને જગાડે છે અને પ્રકાશની એવી તીક્ષ્ણ જ્યોતિ ( Search light ) ફેંકે છે કે જીવનમાં વિપર્યાસ વાસનારૂપ અંધકારનો વિલય થઈ પ્રકાશ પ્રકાશ થઇ રહે છે. જે જ્ઞાનનું આવું ઉત્તમ સામર્થ્ય છે તે જ્ઞાનની વિવિધરંગી વહેંચણી કરવી એ મનુષ્ય જીવનનું એક અગત્યનું કાર્ય છે.

સાહિત્યની, ધર્મની અને સમાજની સેવા આ માસિકથી કેવા પ્રકારે અત્યાર સુધીમાં થઈ શકી છે તેને અતિશયોક્તિથી વર્ણવવું તે અમારૂં કાર્ય નથી એટલું છતાં જે વાત ઘણી સ્પષ્ટ છે તેનો ઉલ્લેખ કર્યા વગર અમો રહી શકતા નથી કે અમારા ઉપર આવેલ વિદ્વાન મનુષ્યોના પત્રોના અનુસારે આ માસિકે અત્યાર સુધીમાં સારી ઉન્નતિ પ્રાપ્ત કરી છે અને તે માટે અમારા લેખક વર્ગનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

અમો જાણીને સંતુષ્ટ થઇએ છીએ કે હવે આ માસિકનો વાચક વર્ગ પણ આ માસિકની સાથે વિચાર ક્રમમાં આગળ વધ્યો છે અને પહેલાં જેને અત્યંત ગહન ગણવામાં આવતા તેવા લેખો પણ રસપૂર્વક વાંચવા લાગ્યો છે. કઠિન અધ્યાત્મ વિષયક વિચારોને ગ્રહણ કરવા જેટલું બળ ત્યારેજ આવે કે જ્યારે વાંચક વર્ગ આગળ વધવાની સતત જિજ્ઞાસાવાળો હોય.

ઓગણીસમા વર્ષ સુધીમાં મનુષ્ય જીવનમાં કેવાં પરિવર્તનો થાય છે ? આટલો કાળ જો કે મનુષ્ય જગતરૂપ શાળામાં પ્રવેશક પરીક્ષા આપી પાસ થઇ જવા જેટલો તૈયાર થયો હોય છે પરંતુ તેટલા કાળનો વિચાર કલાકો અને મીનીટો વડે કરીએ ત્યારે ઘણો લાંબો લાગે છે. તેની વચ્ચે મનુષ્ય અનેક અવાંતર અવસ્થાઓ ભોગવે છે તેવીજ સ્થિતિમાં પ્રસ્તુત માસિક પણ પસાર થયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન દર્શનનું તાત્વિકજ્ઞાન વૃદ્ધિ પામે, માનવ હૃદયની ભાવનાઓની મહત્તા પ્રકાશિત થાય, ઉપકારી ગુરૂઓની સત્પ્રવૃત્તિઓ અને શક્તિઓ જનસમૂહમાં પ્રકટ થાય, વિશાળ નિઃસ્વાર્થી અને હિતમય પ્રસિદ્ધ પ્રવૃત્તિ કરનારા મહાત્માઓના ગુણોનું સ્તવન થાય, સાર્વજનિક અથવા સામાજિક કાર્યો કરવાના વિચારોનો વિકાસ થાય અને શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મ તરફ અનન્ય ભક્તિ પ્રકટ થાય એવી ઉત્તમ ધારણામાં ગત વર્ષની પ્રતિજ્ઞા પ્રમાણે આ માસિકે યથાશક્તિ કર્તવ્ય બજાવેલું છે.

વિદ્વાન મુનિઓ અને ગૃહસ્થોના લેખરૂપ ઉપહારથી પરિતૃપ્ત થયેલું આ માસિક જૈનાગમમાં દર્શાવેલ સદ્‌ગુણોના સંસ્કારો વાંચકોના ચિત્ત ઉપર પાડી નિર્બળતાને ઢાંકી દઇ આત્મવીર્યનો ઉલ્લાસ પ્રકટ કરે છે, હૃદયની કોમળ વૃત્તિઓને જાગૃત કરવા સાથે સભ્યતા, વિનય, ચાતુર્ય, ઉદારતા, દયા વિગેરે ગુણો દર્શાવે છે; તેથીજ આ જગતના ઇતિહાસના અમરપૃષ્ઠો ઉપર સુવર્ણાક્ષરે જેઓ મુદ્રિત થયેલ છે તેવા આર્હત ધર્મના પ્રાચીન અને અર્વાચીન મહાત્માઓના તાત્વિક વિચારો પ્રસંગે પ્રસંગે ગત વર્ષમાં પ્રકટ કરવામાં આવ્યા છે.

પ્રસ્તુત વર્ષમાં આ માસિક એવી ઉમદા આશા ધારણ કરે છે કે ભારતવર્ષ ઉપર વસતી જૈન પ્રજાના ઉછરતા બાળકોના હૃદયમાં ઉત્સાહ પ્રેરી પુરૂષાર્થ પ્રેમી બનાવી તેમનું ગૃહજીવન અને કુટુંબજીવન ધર્મ અને નીતિના ઉચ્ચ પાયા ઉપર રચાય, ઉચ્ચજ્ઞાનના પરિણમન રૂપ ચારિત્રની **ज्ञानस्य फलं विरतिः** એ સૂત્રને અનુસારે જીવન મૂર્તિઓ ઉત્પન્ન થાય, દુર્લભ માનવ જીવનની મહત્તાને વધારનારી સામગ્રી સંપાદન કરાવે, અને એ રીતે આત્માને પરમબોધ અને આનંદનો અનુભવ કરાવે—આવી અભિલાષાઓને સફળ કરવા પરમાત્માને પ્રાર્થના કરે છે.

ગતવર્ષમાં નાના મોટા મળી ગદ્યપદ્યાત્મક લેખો ૭૪ આપવામાં આવેલ છે; જેમાં બાર પ્રભુસ્તુતિ ઉપરાંત અગીયાર પદ્ય લેખો અને બાકીના ગદ્ય લેખો આવેલ છે. મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીએ બાલજીવોને સરલતાથી સમજાય અને હિતકારક નીવડે તેવા લગભગ ૨૧ લેખોથી આ માસિકને અલંકૃત કરેલું છે. જે મહાત્માએ પોતાના જીવનનો મોટો ભાગ આવા આવા બોધદાયક વિષયો લખવામાં રોકયો છે, તેને અંગે જૈન કોમ જેમ આભારી છે તેમ આ માસિકના પોષણમાં પણ તેમણે સહાય કરી છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી જેઓ પૂજ્ય ગુરૂવર્ય શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરના શિષ્ય છે, તેમણે ઐતિહાસીક શોધ ખોળના બે લેખો ઘણી સારી ભાષામાં રજુ કરી જૈન સમાજપર ઉપકાર કર્યો છે. અમે આશા રાખીએ છીએ કે પ્રસ્તુત મુનિરાજ વારંવાર ઐતિહાસીક તેમજ આધ્યાત્મિક વિષયો લખી જૈન સમાજ ઉપર ઉપકાર કરવાનું ચાલુ રાખશે. 'પ્રતિકૂળ અવસ્થામાંથી છુટવાનો અમોઘ ઉપાય—આદર્શજીવન વિગેરે સાત મોટા લેખોથી રા૦ રા૦ વિઠ્ઠલદાસ મુળચંદે જીવન વ્યવહાર શુદ્ધિ કરવાનો માર્ગદર્શક પ્રયાસ કરેલો છે; એઓ ગ્રેજ્યુએ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે; અને તેમના લેખો વારંવાર યશસ્વી નીવડેલ છે. જગત્ માટે જૈન મહાત્મા પ્રાપ્ત કરવાની યોજના ' નો લાંબો લેખ લગભગ છ માસિક દ્વારા રા૦ રા૦ પ્રભુદાસ બેચરદાસ પાટણવાળાએ લખી જ્ઞાનગર્ભિત વૈરાગ્યની શ્રેષ્ઠતા બતાવી આપી છે તે ખાસ ધ્યાન આપવા જેવી છે. ' સ્વ ઓળખાણ સંબંધી સ્થૂલ વિચારણા 'નો લેખ લગભગ ચાર માસિકદ્વારા પ્રસિદ્ધ થયેલો છે તે રા૦ રા૦ નંદલાલ લલ્લુભાઇ વકીલનો છે; જે ભોગ વિલાસ પ્રધાન મનુષ્યો માટે भयं वर्धते એ શબ્દોની માફક ચેતવણી રૂપ છે. 'જૈન દૃષ્ટિએ લો. મા. તિલક' તથા 'દિવ્ય ભાવનાબળ' રૂપ બે ગદ્ય લેખો તથા 'શાંતિમય જીવનની ઘટના' વિગેરે ત્રણ પદ્ય લેખો રા૦ રા૦ ફતેહચંદ ઝવેરભાઇના છે કે જેઓ ધર્મના અભ્યાસી અને ભાષાનું સારૂં જ્ઞાન ધરાવનારા એક લેખક છે. 'સંસાર કેવી રીતે મિથ્યા છે ' તે રા૦ અધ્યાયીનો લેખ ગહન વિચારવાળો હોઇ સંસારની વાસનાઓ કેવી રીતે છુટી શકે તે સંબંધમાં અજવાળું પાડે છે કે જે લેખકના ઉચ્ચ ભાષા અને રહસ્યવાળા હોવાથી પ્રશંસાપાત્ર છે. બીજા પદ્ય લેખો રા૦ રા૦ કુબેરલાલ અંબાશંકર ત્રિવેદીના છે જે સમયને અનુકુળ મનુષ્યોમાં રહેલા દુર્ગુણોનું દિગ્દર્શન કરનાર પદ્યમાં મુકયા છે. કેલવણી સંબંધી તેમજ જૈનસમાજ માટે મકાનો સંબંધી બે લેખો એન. બી. શાહના છે તેઓ જાહેર જીવનમાં જૈન વર્ગની ઉન્નતિ માટે સારો ફાળો આપે છે. રા૦ રા૦ દુર્લભજી કાલીદાસનું રજની–ભાવના પદ્ય દરેક શ્રાવકે વાંચી પ્રતિરાત્રિએ અમલ કરવાનું છે. ખરૂં સુખ પ્રાપ્ત કયારે થાય અને મનુષ્યપણું અને અંતઃશુદ્ધિ બે લેખો આ સભાના મુખ્ય સેક્રેટરીના છે કે જેને માટે કાંઇ પણ લખવું તે અસ્થાને છે; જે લેખો જીવનને સુખી કરવા ઇચ્છતા મનુષ્યોએ ખાસ મનન કરવા લાયક છે.

સંક્ષિપ્તમાં આટલું સિંહાવલોકન કરી વિશેષ વિવેચનમાં નહિ ઉતરતાં આ માસિકના યથાર્થ પોષણ કરનાર મહાત્માઓનો અને અન્ય લેખક વર્ગનો પુનઃ આભાર માનવા સાથે અમો તેઓ તરફથી પ્રસ્તુત વર્ષમાં સવિશેષપણે જૈનસમાજને નૂતન ભાવનાઓના દર્શનની આ માસિક દ્વારા અભિલાષા રાખીએ છીએ અને શાસન નાયક વીરપરમાત્માને માંગલિક પ્રાર્થનાદ્વારા સંબોધીએ છીએ કેઃ—હે જ્ઞાનઘન ! સદ્દજ્ઞાન એ સિદ્ધિનો મહા મંત્ર છે, એજ પરમશાંતિનું મંદિર છે, એજ ઉન્નતિ માત્રના શિખરનો સુવર્ણ કલશ છે, એજ સંપત્તિ માત્રનું મૂલ્ય છે, એજ મિથ્યાત્વ રૂપી તિમિરને મીટાવનાર છે. અમોને અને અમારા વાંચક વર્ગને આત્માનંદ પ્રકાશની ભાવિદ્યુતિમાં ઉત્તમ જ્ઞાનરાશિનો આપના અધિષ્ઠાયકની પ્રેરણા વડે પ્રકાશ થાય અને તે વડે સર્વ પ્રાણીઓ મુક્તિના માર્ગમાં પ્રયાણ કરતા થઇ જાય એ અમારી અંતિમ પ્રાર્થના છે.

ॐ शांतिः

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કચ્છ કાઠિયાવાડ અને-ગુજરાતાદિ દેશોમાં જૂદે જૂદે સ્થળે ચાતુર્માસ રહેલા પરોપકાર પરાયણ નિર્પક્ષ સાધુ સાધ્વીઓ પ્રત્યે શાસન હિતાર્થે સાદર નિવેદન રૂપે બે બોલ.

( પ્રસ્થાપક સદ્ગુણાનુરાગી કપૂરવિજયજી મુ. વઢવાણ કેમ્પ )

ઉપરના દેશો પૈકી અનેક શુભ સ્થળોમાં અવારનવાર અનેક સદ્ગુણી સાધુ સાધ્વીઓનો વિહાર થવા ઉપરાન્ત તેમાંના કઇક સ્થળે ચાતુર્માસ સ્થિતિ થવા પામે છે તે પ્રસંગે ભવ્યજનોનો તેમના ઉપદેશનો પણ લાભ મળતો રહે છે; તેમ છતાં તેમનો સહુનો આચાર–વ્યવહાર સુધરે અને તેઓ સઘળા પવિત્ર ધર્મને લાયક બને એવો સમયોચિત સદ્–ઉપદેશ તેમને મળતો રહે તો તેનું શુભ પરિણામ જરૂર આવે એવો મારો નમ્ર અભિપ્રાય છે. એથીજ બે બોલ સાદર કરૂં છું.

**૧ સાત પ્રકારની શુદ્ધિ સાચવવા—**

અંગ વસન મન ભૂમિકા, પૂજોપગરણ સાર
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર

શરીરશુદ્ધિ, વસ્ત્રશુદ્ધિ, મનશુદ્ધિ, ભૂમિકાશુદ્ધિ, પૂજોપગરણશુદ્ધિ, ન્યાયોપાર્જિત્ત દ્રવ્ય અને વિધિ શુદ્ધિ એ સાતે પ્રકારની શુદ્ધિ સાચવવા ભારે ચીવટ ભરી લાગણી દાખવવાની અનિવાર્ય જરૂર છે. એમ દરેક શ્રોતાના દીલમાં ખાસ કરીને ઠસી જવું જોઇએ.

સાતે શુદ્ધિ સમાચરી, કરીએ નિત્ય પ્રણામ.

એ વચનથી શુદ્ધ દેવ ગુરૂ સંઘ તીર્થની સેવા ભક્તિનો લાભ લેવા ઇચ્છનાર દરેકે દરેકને એ સાતે શુદ્ધિ સાચવવાની ભારે જરૂર જણાય છે. એ સાતે શુદ્ધિ સાચવવા સામાન્ય ઉપદેશ પણ અપાતો હોય અને શ્રોતાજનો એ શુદ્ધિનાં નામ પણ ઉચ્ચારતા હોય એથી આગળ વધીને જે હિતોપદેશ શ્રવણગત થાય તે શ્રોતાજનો આચરણમાં ઉતારવા સમર્થ થાય એવા તલસ્પર્શી સદુપદેશની સર્વત્ર ભારે જરૂર છે.

દરેક ગામ નગરમાં વિચરતા અને ચાતુર્માસ રહેલા સાધુજનો પાસેથી એવા સદુપદેશની શ્રોતાજનો જરૂર આશા રાખે. સાધુજનો તો સમયના જાણજ હોય, તેથી સમયને બંધ બેસે તો હિત ઉપદેશજ આપે તેની સચોટ અસર શ્રોતાજનો ઉપર ભાગ્યેજ થયા વગર રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૨ શરીર આરોગ્યના જરૂરી નિયમો પાળવા—

જૈન સમાજ પૈકી ઘણા એકનાં શરીર માંદલાં રહે છે. કારણ કે આરોગ્યતા સાચવવા જરૂરનાં સ્વાભાવિક નિયમોને પણ બરાબર જાણીને તે બધાને ક્રિયામાં મૂકવાની ભાગ્યેજ કોઇ દરકાર રાખતા હોય છે.

આ સંબંધમાં વર્ષે વર્ષે પર્યુષણ વ્યાખ્યાન પ્રસંગે તેઓ કેટલુંએક સાંભળે છે ખરા પણ ઉપયોગની શૂન્યતાથી તેનો ભાગ્યેજ કશો લાભ લહી શકે છે. આ સ્થિતિ સર્વ સામાન્ય હોઇ આરોગ્ય સારૂં નજ સચવાય તેથી આર્તધ્યાન કરી અધિક દુ:ખી થાય એમાં કંઇ આશ્ચર્ય નથી. આવી દુ:ખદાયક સ્થિતિમાંથી સમાજનો ઉદ્ધાર કરવો એ સદુપદેશકોનું ખાસ કર્તવ્ય લેખાવું જોઇએ. શરીર નીરોગી હોય તોજ ધર્મ સાધન ભલી ભાતે સાધી શકાય, તોજ ચિત્તની સ્વસ્થતા બની રહે અને તત્ત્વજ્ઞાન–શ્રદ્ધા સાથે સદ્‌ભાવની રક્ષા તથા વૃદ્ધિ પણ સહેજે થવા પામે.

## ૩ જીવ દયા ( જયણા ) પાળવા પૂરતું લક્ષ રાખવા—

ધર્મના અર્થી જનોએ હરેક કામ કરતાં–હાલતાં ચાલતાં, ઊઠતાં, બેસતાં, ખાતાં પીતાં, સૂતા કારવતાં, અને વાતચિત કરતાં કોઇ જીવને નાહક પરિતાપ થાય એમ કરવું ન ઘટે. કચરો પૂંજો કાઢવા શસ્ત્ર જેવી ખજુરીની સાવરણી નજ વાપરવી પણ મુલામ વાસંદીનો જ ઉપયોગ કરવો ઘટે. રસોઇ કરતાં દરેક પ્રસંગે જીવરક્ષા માટે ભારે ખ્યાલ રાખવો. સ્વચ્છતાં–ચોખાઇ સાચવવા ભૂલવું નહીં. ઘરમાં દુકાનમાં કે દેરાસરમાં કયાંય એક પણ દીવો ઉઘાડો મુકવો નહીં. કોઇનું કશું અનિષ્ટ ચિન્તવવું નહીં. અહિતરૂપ થાય એવું કઠોર વચન વદવું નહીં. ગાળ દેવી નહીં ચાડી ખાવી નહીં. તેમજ પર નિંદા કરી પોતે મલીન થવું નહીં. ચોરી જારી પ્રમુખ કુવ્યસન સેવવાં નહીં. અભક્ષ્ય અનંતકાય ખાવા નહીં. માદક પીણાં પીવાં નહીં. ભ્રષ્ટ વિદેશી દવા લેવી નહીં. ભ્રષ્ટ ખાંડ પણ ખાવી નહીં. સહુ પ્રાણીઓને સ્વઆત્મા સમાન લેખવા. ઇર્ષા–અદેખાઇ કે વેર વિરોધ કોઇ જીવ સાથે વસાવવાં નહીં. સહુ સાથે મિત્ર ભાવે વર્તવું. બની શકે તેટલો પરોપકાર કરી છૂટવું. નમ્રભાવે સ્વકર્તવ્ય સમજીને કરવું તેના ફળમાટે અધીરા ન થવું. દીર્ઘ દ્રષ્ટિ રાખવી. ઉદાર બનવું. સ્વપર હિતમાં સાવધાન રહેવું.

૪ પીવાનું પાણી સાવ અબોટ ( ચોખ્ખું ) રાખવું. એમાં એઠું વાસણ બોળી બધું પાણી બગાડવું નહીં. એંઠી ( અશુચિ ) વસ્તુથી અસંખ્ય જીવોની હાનિ થાય છે. ઉપરાંત કોઇ વખતે ચેપી રોગ લાગુ પડે છે, જેથી પરિણામે ભારે ખરાબી થવા પામે છે. એવી ગોબરાઇ જેમ બને તેમ જલ્દી દૂર કરવા સહુ ભાઇ બ્હેનોએ ચીવટ રાખવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ રસોડું, પાણીયારૂં, ઘંટી, ખાણીયો, ભોજન, અને શયન પ્રમુખ સ્થળે જરૂર ચંદ્રવા બાંધવા.

૬ શક્તિ, સમય અને લક્ષ્મીનો વિવેકસર સારામાં સારો ઉપયોગ કરતાં શિખવું.

૭ સંકુચિત દ્રષ્ટિ છોડી, વિશાળ ઉદાર દ્રષ્ટિથી ખરા હૈ. અને છાજે એવો વ્યવહાર રાખવો.

૮ અન્યજનો સ્વધર્મમાં જોડાય અને સ્વધર્મી જનો ધર્મમાં દ્રઢ થાય એવો પ્રબંધ રચવો.

૯ આપણુ સહુનું વર્તન સુધરે–ઉંચા પ્રકારનું થાય એવી સમયોચિત કેળવણી મળતી રહે. ઇતિશમ્

# जीवनमां ज्योति प्रकटाववा विभुने प्रार्थना.

( સ્નેહભર્યું હૈયું અમીરસથી ઉછળે—એ રાહમાં )

પ્રકટાવો પ્રભુ અમમાં જીવન જ્યોતિને,
જેનાં જીવન અંધારે અટવાય જો;
વિશુદ્ધ જ્ઞાન તણી જ્યોતિવિણુ હે પ્રભો !
તલસે આપતણોજ વિશુદ્ધ પ્રકાશ જો—પ્રકટાવો. ૧
ક્ષણુ ક્ષણુમાં અમ હૃદયો દીન બની જતાં,
આપ તણો ઉદ્યોત અમોને સહાય જો;
દ્રઢતા સંયમ ધીરજ શુભ ગુણુ પ્રેરતા,
અંતરાત્મતણો શુભ યોગ પમાય જો—પ્રકટાવો. ૨
સુખદુ:ખનાં નિમિત્ત વિષે સમચિત્તતા,
પ્રેરો જેથી પ્રકટે શુભ મનોયોગ જો;
તત્વતણી દ્રષ્ટિમાં શાંતિ મેળવી,
અનાદિ બંધન વિસરી સ્મરીએ આપજો—પ્રકાટાવો ૩
ઉચ્ચ જીવનના સંદેશાઓ આવતા,
અનુસરીએ તે આદેશો તત્કાળ જો;
જ્ઞાનક્રિયાના સુંદર યોગો મેળવી,
છેદો સંસૃતિ બંધનનાં એ મૂળ જો—પ્રકટાવો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થળ સ્થળ વિશ્વે ક્યારે તમને ભાળશું ?
જ્ઞાનોપયોગ થકી જે છો અંહી વ્યાપ્ત જો;
જ્યારે ટળશે દિલથી ભેદની ભાવના,
લોહ મટી પારસમણિ થઈએ આપ્ત જો—પ્રકટાવો ૫

ઉર સાગર ઉલ્લાસો અમ પ્રકટાવજો,
જેથી જીવન ઉછળે યોગ તરંગ જો;
દિવ્ય મનોહર મુદ્રા પ્રભુતા પ્રેરતી,
પલટાવે ગતકાળ જીવનનો રંગ જો—પ્રકટાવો. ૬

અંતર્યામી પરમાત્મન્! અહિં સંચરો,
જેથી અમ જીવન શાંતિ રેલાય જો;
દિવ્ય સરોવર જ્ઞાન તણાં જલ ઝીલવા,
વિકલ્પ જેથી શાંતિમાં લય થાય જો—પ્રકટાવો. ૭

**ફતેહચંદ ઝવેરભાઈ.**

# ઉદ્દેશની એકતા.

વિઠ્ઠલદાસ મૂ. શાહ

આ લેખમાળાના ગયા બે લેખોમાં આરોગ્યતા અને સમયના સદુપયોગ ઉપર લખાઇ ચુકયું છે અને એ બતાવવામાં આવ્યું છે કે એ વસ્તુઓ સંસારયાત્રાને માટે અત્યંત ઉપયોગી છે. આજે ત્રીજા મહત્વપૂર્ણ વિષય–ઉદ્દેશની એકતા ઉપર વિવેચન કરવામાં આવશે.

વર્તમાન સમયમાં કોઇ કાર્યમાં યશ પ્રાપ્ત કરવો તે સહજ કામ નથી. આજ કાલ આપણી ચારે તરફ એવી ઘણી નવીન બાબતો ઉપસ્થિત થઇ રહી છે કે જે આપણું ધ્યાન પોતાની તરફ ખેંચ્યા કરે છે. આપણું મન એ સર્વ વાતો જાણવા માટે, સાંભળવા માટે અને જોવા માટે લલચાયા કરે છે. કોઇ મનુષ્યને વ્યાપાર, કળાકુશળતા યાને ઉદ્યોગ ધંધામાં સફલતા પ્રાપ્ત કરતો જોઇને આપણે પણ વ્યાપારી બનવા ઇચ્છીએ છીયે. જ્યારે આપણે કોઇ મનુષ્યની શારીરિક શક્તિના અદ્ભુત પ્રયોગો જોઇએ છીએ ત્યારે આપણે પ્રો. રામમૂર્તિનું અનુકરણ કરવા ચાહીએ છીએ. જ્યારે આપણે કોઇ મનુષ્યની બુદ્ધિનો પ્રશંસનીય પ્રભાવ જોઇએ છીએ ત્યારે આપણું મન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયમેવ તેની નક્કલ કરવાની ઈચ્છા કરવા લાગે છે. કોઇ સમર્થ વકીલ, બેરીસ્ટર, ડોક્ટર, એન્જીનીયર, આદિને જોઇને તેની સમાન જીવન વ્યતીત કરવાની ઈચ્છા સેંકડો વિદ્યાર્થીઓના મનમાં સ્વયમેવ ઉત્પન્ન થયા કરે છે. કોઇ વક્તા અથવા ઉપદેશકની વક્તૃતા સાંભળીને કોઈ કવિની કવિતા વાંચીને અને કોઇ લેખકનો ગ્રન્થ જોઇને આપણા મનમાં વક્તા, કવિ અને ગ્રન્થકાર બનવાની ઇચ્છા ઉત્પન્ન થાય તો તે આશ્ચર્યની વાત નથી. સારાંશ એ છે કે જ્યાં જ્યાં આપણે જોઇએ છીએ ત્યાં ત્યાં આપણું મન આકર્ષાય છે અને અન્ય લોકોની સફળતા જોઇને લલચાવા લાગે છે. આ વર્ણન કાલ્પનિક નથી. પ્રાયે કરીને સર્વ વિદ્યાર્થીઓ તેમજ મોટી ઉમ્મરના કોઇ મનુષ્યો પણ આ માનસિક ચંચલતાંના વિષયમાં સ્વાનુભવથી ગવાહી આપી શકે છે. એક વખત વિદ્યાર્થી પોતાનાં મનમાં કહે છે કે હું કોઇ કૉલેજમાં અધ્યાપકનું કામ કરીને મારા દેશના યુવકોને ઉપયોગી શિક્ષા આપીશ. બીજીવાર તે એમ કહે છે કે હું મારા દેશની આર્થિક સ્થિતિમાં સુધારો કરીને સર્વ લોકોને સંપત્તિમાન અને સુખી બનાવવાનો યત્ન કરીશ. પરંતુ જે મનુષ્ય આ જમાનામાં રહીને ધ્યાનપૂર્વક પોતાની ઉન્નતિના ઉપાયનો વિચાર કરશે તેને એ વાતનું અવશ્ય ભાન થશે કે અનેક ઉદ્દેશો એક સાથે પૂર્ણ થાય તે વાત અસંભવિત છે.

આજકાલ જીવન કલહની તીવ્રતા ઘણીજ વધી ગઇ છે; અને આપણે જે તે વસ્તુની પાછળ આપણા મનને ભટકવા દેશું તો અંતમાં નુકશાન સહન કરવું પડશે. જો આપણે આપણાં એક મનને અનેક કાર્યોમાં એક સાથે રોકશું તો અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટની કહેવત ચરિતાર્થ થયા વિના રહેશે નહિ, આ જમાનો ખાસ યાને વિશેષ કામો કરનારનો છે, સાધારણ માણસોનો નથી. જે મનુષ્ય કોઈ એક કાર્ય હાથમાં લઇને એકાગ્ર ચિત્તથી તે પુરૂં કરે છે તે આ જીવન-સંગ્રામમાં વિજય પ્રાપ્તિનો અધિકારી બની શકે છે. વિચાર કરવા જેવી વાત છે કે જે મનુષ્યનાં તન, મન, ધન પ્રત્યેક સમયે ઉત્પન્ન થનારી અનેક ઇચ્છાઓ પૂર્ણ કરવામાં લાગી રહે છે તે મનુષ્યની કાર્યસિદ્ધિમાં, તથા એક બીજા મનુષ્યની એક માત્ર નિશ્ચિત ઇચ્છા પૂર્ણ થવામાં, કેટલો તફાવત રહેલો છે ? કહેવાની મતલબ એ છે કે જો આપણે સફળતા પૂર્વક આપણું જીવન વ્યતીત કરવા ઇચ્છતા હોઇએ તો આપણે એ વાતનો નિશ્ચય કરી લેવો જોઇએ કે આ સંસારમાં આપણો વિશેષ ઉદ્દેશ કયો છે ? એ ઉદ્દેશ એક વખત નિશ્ચિત થઇ ગયા પછી તેના ઉપર સર્વદા આરૂઢ રહેવું જોઇએ તેનેજ હુમેશાં વળગી રહેવું જોઇએ.

આપણા દેશની વર્તમાન દશા અનુસાર એવા એટલાં બધાં સારાં સારાં કાર્યો છે કે જે ઉદ્દેશના વિષયમાં સાવધાન રહેવાથી સરળતા પૂર્વક કરી શકાય છે એ સંદેહ વગરની વાત છે કોઇ શિક્ષાદ્વારા પોતાના દેશબંધુઓને શિક્ષિત કરી શકે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ સામાજીક વિકાસમાં સિદ્ધાંતો અનુસાર પોતાના સમાજની ઉન્નતી કરવાના યત્ન કરી શકે છે. કોઇ વિજ્ઞાનની સહાયતાથી દૃષ્ટિ, વ્યાપાર, કળા કૌશલ્ય આદિમાં ઘણો સુધારો કરી શકે છે કોઇ રાજ્યની તિનો અભ્યાસ કરીને પોતાના દેશનું ભલુ કરી શકે છે અને કોઈ પોતાના ધર્મના સનાતન તત્વોનાં આધારે સુખ અને શાંતિ પૂર્વક જીવન વ્યતીત કરવાનો માર્ગ બતાવી શકે છે આ કહેવું કઠીન નથી પરંતુ અનુભવથી જાણી શકાય છે કે એ સર્વ ઉપયોગી કાર્યોમાં અમુક એક કાર્ય વિશેષ સારૂં હોય છે. પરંતુ પ્રાયે કરીને લોકો એવાં કાર્યોમાં લાગી જાય છે કે જે તેઓની સ્વાભાવિક અવસ્થાની પ્રતિકુળતાને લઈને તેઓનાથી થઇ શકતા નથી એવાં કાર્યો કરવામાં પરિશ્રમ અને શક્તિનો મિથ્યા દુરૂપયોગ થાય છે; આપણે એવાં કાર્યો હાથલેવા જોઇએ કે જે આપણી સ્વાભાવિક અવસ્થાને અનુકૂળ હોય જે કરવાની આપણામાં કંઇક સ્વાભાવીક યોગ્યતા હોય. આકાશમાંથી તારા ઉતારવાની કોશીશ કરવીતે વ્યર્થ છે કાર્યના આરંભમાંજ જ્યારે આપણો ઉદ્દેશ નિશ્ચિત કરવાનો સમય હોય ત્યારે ખુબ વિચાર કરી લેવો જોઇએ. અને એક કાર્ય હાથમાં લીધા પછી તેને પૂરૂં કરીને જ છોડવું જોઇએ જ્યાં સુધી કાર્ય યાને ઉદ્દેશના સાફલ્યતાની કોઇ પણ સંભાવના અને સંધિ હોય અને જ્યાં સુધી કાર્યની અનુપયોગિતા પ્રતીત ન થાય ત્યાં સુધી વિફલ મનોરથ થવાય તો પણ વારંવાર તે કરતાં રહેવું જોઇએ. હમેશાં એટલું સ્મરણમાં રાખવું કે સર્વ કાર્યોમાં હાથ લગાવવાથી કોઈ પણ લાભ થતો નથી.

ઘણે ભાગે અધિકાંશ લોકો પોતાનાં મનની ચંચલતાને લઇને કોઇ પણ એક કાર્ય યા ઉદ્દેશમાં સ્થિર રહી શકતા નથી એવા લોકોને પસ્તાવા સિવાય બીજો કોઇપણ લાભ થઇ શકતો નથી. આ વિષયમાં નીચેનું દૃષ્ટાંત ઉપદેશક થઇ પડશે. એક સમયે એક હિન્દુ અને એક મુસલમાન પરસ્પર તકરાર કરવા લાગ્યા; મુસલમાન રામને અસત્ય સિદ્ધ કરવા લાગ્યો અને હિન્દુ રહીમને; આ વાતનો નિર્ણય થવો મુશ્કેલ હતો; એટલા માટે તે બન્ને એ એક સભ્ય મનુષ્યને મધ્યસ્થ તરીકે નિયત કર્યો. મધ્યસ્થ માણસે તો એટલુંજ કહીને ઝગડો ટાળવાનો યત્ન કર્યો કે હિંદુને માટે રામ અને મુસલમાનને માટે રામ સત્ય છે છતાં પણ તે બન્ને માણસો હઠ કરીને એક બીજાને અસત્ય કહેવા લાગ્યા ત્યારે તે મધ્યસ્થ માણસે કહ્યું કે " તમે બન્ને એક પર્વતના ઉંચા શિખર ઉપરથી પોતપોતાના ઇષ્ટ દેવનું નામ સ્મરણ કરીને નીચે કુદી પડો ને પડીને મરી જશે તે અસત્ય ઠરશે. હિન્દુ " રામ " નું નામલઈ ને કુદી પડયો અને એક પથ્થરને પકડીને લટકી રહ્યો મુસલમાન " રહીમ " નું નામ લઇને કુદી પડયો અને તેને પણ તેમજ થયું.

એમ કહેવાય છે કે અચાનક ત્યાં આગળ આકાશમાંથી એક દિવ્ય વિમાન નીચે ઉતર્યું અને બન્નેને સ્વર્ગ તરફ લઇ ગયું. તે દૃશ્ય જોનારમાંથી એક માણસનું મન લલચાયું. તે વિચારવા લાગ્યો કે એકલા 'રામે' યા ' રહિમે ' જ એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળી શકે છે ? તેમજ એ પણ વિચારણીય છે કે શું તે પુરૂષ ઉદ્દેશની એકતા વગર અને પરિશ્રમ કર્યા વગર પ્રતિભાશાળી બની ગયો છે ? પરિશ્રમ કરવાની અપરિમિત શક્તિ નેજ ' પ્રતિભા ' કહેવામાં આવે છે. પ્રતિભાશાળી પુરૂષોમાં કાર્યો જોઇને એમ નથી સમજવાનું કે આપણે પણ વગર પ્રયત્ને તેની માફક સઘળું એકદમ કરી શકશું. કોઇએ સત્યજ કહ્યું છે કે " આજકાલ અજ્ઞાન અથવા અર્ધજ્ઞાનની વાતો તજી દેવામાંજ બુદ્ધિ મહત્તા રહેલી છે, નહિ કે તેની પાછળ સમય ગુમાવવામાં. "

ઉપર કહેવામાં આવ્યું છે તેમ આપણો ઉદ્દેશ એકજ હોવો જોઇએ અને તેની સફલતા માટે આપણે આપણી સઘળી શક્તિઓને કામમાં લગાવવી જોઇયે. હવે અહીંઆ એટલું જાણવું જરૂરનું છેકે આપણાં જીવનનો એ વિશિષ્ટ ઉદ્દેશ કેવો છે ? એ વિષયની વિસ્તૃત ચર્ચા કોઇ બીજા લેખમાં કરવામાં આવશે. પરંતુ અહિંઆ એટલું કહેવું ઉચિત જણાય છે કે આપણે બચપણથી આપણાં અંતઃકરણની સ્વાભાવિક શક્તિ અને વૃત્તિ જોવાં જોઇએ અને તેની પ્રવૃત્તિ કયી દિશા તરફ અધીક છે તેનો નિશ્ચય કરી લેવો જોઇએ. એ સ્વાભાવિક શક્તિ અને વૃત્તિનોજ વિકાસ, વિદ્યાર્થી દશામાં, કેળવણીની સહાયતાથી કરતા રહેવો જોઇએ અને એજ આપણાં જીવનનું મુખ્ય કર્તવ્ય હોવું જોઇએ આપણે માટે એટલું કરવું ઉચિત છે કે આપણે હમેશાં એ માર્ગે ચાલતા શીખવું જોઇએ, એ માર્ગને કંટક હીન બનાવવો જોઇએ, અને તેનું અનુસંધાન કર્યા કરવું જોઇએ. એ પ્રાકૃતિક માર્ગપર અવલંબિત રહેવાથી—અંતઃકરણની કોઇ એક શક્તિને પૂર્ણાવિસ્થાએ પહોંચાડવાનો પ્રયત્ન કરવાથી—આપણું જીવન અવશ્ય સફળ થશે.

કોઇ મનુષ્યમાં ગમે તેટલી તીવ્ર બુદ્ધિ હોય, તો પણ જો તે સઘળી દિશાઓ તરફ ગતિ કરશે તો તેની ગતિ અવશ્ય મન્દ બની જશે. કેટલાક મનુષ્યો એક જ કામ કરતાં છતાં પણ સફલ મનોરથ નથી બનતા. તેનો દોષ તેઓ પોતાના દુર્ભાગ્ય ઉપર મૂકે છે. પરંતુ તે તેઓની ભૂલ છે. સાચી વાત તો એ છે કે કાંતો તેઓ ઉચિત રીતિથી કાર્યનો આરંભ નથી કરતા અને કાંતો તેઓ પોતાનો ઇષ્ટ સિદ્ધિ માટે થોડા સમયસુધી ભગીરથ પ્રયત્ન કરીને શેષ કાર્ય આલસ્ય અને અનુત્સાહથી કરેછે. જો કોઇ ઉદ્દેશ પરિપૂર્ણ કરવો હોય તો પહેલાં આપણે એ જોઇ લેવું જોઇએ કે આપણામાં તેના સંપાદનની યોગ્યતા રહેલ છે કે નહિ. જો ન હોય તો સૌથી પહેલાં યોગ્યતા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. એ કાર્ય વિદ્યાર્થી અવસ્થામાં સરળતાથી થઇ શકે છે. અહિં આગળ આધુનિક શિક્ષાપદ્ધતિના વિષયમાં પણ એજ વાત કહેવાની આવશ્યકતા પ્રતીત થાય છે. એ પદ્ધતિ આપણને એ શીખવે છે કે તમે કોઇ પણ વિષયમાં અનભિજ્ઞ ન રહો. "પરંતુ એ સિદ્ધાંત સર્વથા દોષપુર્ણ છે. જો આપણે કોઇ એક વિષયમાં પૂર્ણતા પ્રાપ્ત કરવી હોય તો અન્ય વિષયો તરફ ધ્યાન આપવું જોઇએ નહિ. આપણા ઇચ્છિત વિષયનાજ અનુસંધાનમાં મનને એકાગ્ર કરીને આપણી સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોને ઉચ્ચ પદે પહોંચાડી દીધા તો પછી હું બન્નેનાં નામ લઇને તેઓ કરતાં પણ અધિક યોગ્યતા પામી જઇશ. બસ, એટલો વિચાર કરીને તે પર્વતના શીખર ઉપર ચઢી ગયો અને નીચે કુદી પડ્યો. તે અસ્થિર સ્વભાવનો માણસ હતો. નીચે પડતી વખતે તે શૂન્ય વાયુમંડળમાં વિચારવા લાગ્યો કે કયા વૃક્ષની શાખા પકડવી અને કયું નામ—રામ યા રહીમ—નું ઉચ્ચારણ કરવું. તે કોઇ વખત રામ નામનું ઉચ્ચારણ કરતો, તો કોઇ વખત રહીમનું નામ કોઇ વખત તો એક વૃક્ષની શાખા પકડતો, તો કોઇ વખત બીજાની-એ રીતે તે એક ઉદ્દેશથી બીજા ઉદ્દેશ તરફ ભટકતો ભટકતો નીચે પડી ગયો. તેનાં શરીરનાં ચૂરેચુરા થઇ ગયા." જે લોકો કોઇપણ એક ઉદ્દેશ પર સ્થિર ચિત્ત નથી રહેતા તેઓની આવી જ દશા થાય છે.

જ્ઞાનના વિષયોની એવી અદ્દભૂત વૃદ્ધિ થઇ રહી છે કે એક માણસ સર્વ વિષયોનું સંપૂર્ણ જ્ઞાન મેળવી શકે એવી સંભાવના જોવામાં આવતી નથી. મનુષ્યનો જીવન કાળ ઘણોજ અલ્પ છે. સંસારમાં સર્વાંગ સત્યપૂર્ણ જ્ઞાનની દિન પ્રતિદિન ઉન્નતિ થઇ રહી છે. એ ઉપરથી જ કહેવામાં આવ્યું છે કે—

शास्त्रं ह्यनन्तं बहुलाश्च विद्याः अल्पश्च कालो बहुविघ्नता च ।
यत्सारभूतं तदुपासनीयं हंसो यथा क्षीरमिहाम्बुमध्यात् ॥

કોઇ એકજ વિષયનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું અને એક જ વિષયમાં દક્ષતા પ્રાપ્ત કરવી કઠિન છે, તો પછી અનેક વિષયો ઉપર ધ્યાન આપવામાં પોતાનાં તન, મન, ધનનો ક્ષય કરવાથી શો લાભ? વિદ્વાનોના મત અનુસાર વર્તમાન સમયનો પ્રવાહ વિશેષતા તરફ અધિકાધિક વેગથી વહે છે. "The present is an age of specialization" આપણે આજકાલની સર્વ વાતો સંપૂર્ણ રીતે જાણી શકતા નથી એ નિર્વિવાદ વાત છે; એટલા માટે આપણે આપની સ્વાભાવિક રૂચિ અનુસાર કોઇ એકજ વિષયમાં દૃઢ સંકલ્પપૂર્વક ઝુકી પડવું જોઇએ. હા, સંસારમાં એવો એકાદ દુર્લભ મનુષ્ય હોય છે કે જે એક જ શરીર અને એક જ મસ્તિષ્ક પડે બહુ જન-સાધ્ય કાર્ય કરી શકે છે. તે ચાહે તો તે એક સમર્થ ઇતિહાસકાર બની શકે છે, એકાદ મહત્વ પૂર્ણ ધાર્મિક ગ્રંથ લખી શકે છે, રાજ્યનીતિમાં નિપુણ બની શકે છે, તેમજ સૃષ્ટિ તથા જીવનનાં તત્ત્વોનું અનુસંધાન પણ કરી શકે છે; ટુંકામાં તે જે ચાહે તે કરી શકે છે. તેને માટે કોઇપણ વસ્તુ અસાધ્ય નથી હોતી. તેનામાં એક પ્રકારની વિલક્ષણ શકિત રહેલી હોય છે. તેવા માણસને જ વસ્તુતઃ પ્રતિભા સંપન્ન કહેવામાં આવે છે. પરંતુ વિચાર કરવા જેવી વાત છે કે સંસારમાં એવા કેટલાક પ્રતિભાશાળી પુરૂષો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંતરિક શક્તિઓને ઉપયોગમાં લેવી જોઇએ. નહિ તો આપણે કોઇ પણ વિષયમાં પૂર્ણતા પ્રાપ્ત કરી શકીશું નહિ; એટલું ખરૂં કે ઘણી વાતોનું સાધારણ જ્ઞાન હોવું આવશ્યક છે, અને એ ઘણીજ સુગમતાથી થાય છે. તેને માટે વિશેષ પરિશ્રમ કરવો પડતો નથી. તાત્પર્ય એ છે કે ઉદ્દેશની એકતા ઉપરજ સફલતા અવલંબિત છે. પ્રકૃતિનાં કાર્યોમાંથી પણ આપણને એ વાતનો બોધ મળે છે. જુઓ, જ્યારે વરાળ શૂન્ય આકાશમાં અહિં તહિં વિખરાઇ રહે છે ત્યારે તે કોઇ ઉપયોગમાં નથી આવતી, ત્યારે તેના સમાન અનુપયોગી વસ્તુ કોઇ પણ નથી. પરંતુ તેજ વરાળને જ્યારે એકત્રિત કરવામાં આવે છે અને કોઇ યંત્રમાં ભરવામાં આવે છે ત્યારે તે મહાન ઉપયોગમાં આવી શકે છે.

એકજ વિષયની તરફ ધ્યાન એકાગ્ર કરો, એકજ વિષયને પૂર્ણતાએ પહોંચાડો. આમ કહેવાની મતલબ એ નથી કે તમારે સારાનરસાનો ભેદ ન જોવો. ઉદ્દેશની એકતા આપણને એ નથી શીખવતી કે આપણે પાંચ અને દશનો સરવાળો પણ ન કરી શકીએ. જે લોકો એમ સમજે છે કે ઉદ્દેશની એકતા આપણને એકપક્ષીય થવાનું શીખવે છે તેઓ મોટી ભૂલ કરે છે. આપણા નિશ્ચિત ઉદ્દેશની સફલતા અર્થે આવશ્યક વાતોનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ કદિ પણ હાનિકારક હોઇ શકે નહિ. પરંતુ આપણા કેન્દ્રભાવ અર્થાત્ ઉદ્દેશની એકતાને અનેકતાનું રૂપ આપવાનો યત્ન કદિ પણ ન કરવો જોઇએ.

આપણો ઉદ્દેશ ઘણોજ ઉંચા પ્રકારનો હોવો જોઇએ એ વાતમાં મતભેદ હોઇ શકેજ નહિ. એક કહેવત છે, જેનો અર્થ એ છે કે જે મનુષ્ય આકાશને લક્ષ્ય બનાવી નિશાન લગાવે છે તે કોઇ વૃક્ષ પર લક્ષ્ય કરનાર માણસ કરતાં અધિક ઉંચું નિશાન લગાવી શકે છે. એક વાત હંમેશાં ધ્યાનમાં રાખવાની જરૂર છે કે એક તીરથી બે નિશાન કદિ પણ લગાવી શકતા નથી. આ સંસારની જીવનયાત્રા જેઓ સફળ કરવા ઇચ્છતા હોય છે તેઓને ' **एको देवः केशवो वा शिवो वा** ' એ મંત્રનો વ્યવહારિક જપ હંમેશાં કરવો પડશે. જીવન-સંગ્રામમાં વિજય પ્રાપ્તિને માટે એક આંગ્લ વિદ્વાને એ ઉપાય બતાવ્યો છે કે

" One thing at a time and that done well,
is the way of happiness as many can tell "

આ સત્ય છે. જેઓ ઉદ્દેશની એકતા ઉપર ઉચિત ધ્યાન આપે છે તેઓ સંસારમાં સુખ અને શાંતિનો અનુભવ પ્રાપ્ત કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जीवननां विशुद्धिमय वातावरणो.

જૈન દર્શન ભૌતિક માનસિક અને આધ્યાત્મિક ભૂમિકાઓ ઉપર પ્રકૃતિનું સત્વ રજસ્ અને તમસ્ એ પ્રમાણે ત્રિગુણાત્મકપણું સ્વીકારી આગળ વધે છે; વિશ્વના દરેક પદાર્થો ત્રણ ગુણવાળા હોવાથી તેના કાર્યોમાં પણ તે ગુણ ઉતરી આવે છે સત્વગુણ શાંતિનો ઉત્તેજક છે; રાજસગુણ ભોગલાલસાની પ્રવૃત્તિ–જાગૃત્તિનો ઉત્તેજક છે અને તમોગુણ પ્રમાદ–અવિચાર અને કષાયને વધારનાર છે. મનુષ્યના નિવાસ સ્થાન –સંગતિ–આહાર અને વિહાર ઉપર મુખ્યત્વે કરીને તેના વાતાવરણની વિશુદ્ધિની સ્વચ્છતા કે અસ્વચ્છતાનો આધાર હમેશાં રહેલો છે.

પ્રત્યેક પદાર્થ ત્રિગુણાત્મક હોવાને અંગે સ્થાનના પણ સત્વ–રજસ્ અને તમસ્ એવા ત્રણ ભેદ પડે છે પરંતુ તે ઉપરથી એમ માનવાનું નથી કે જ્યાં એક ગુણ હોય ત્યાં બીજા બન્ને ગુણો નજ હોય; મતલબ કે પ્રત્યેક સ્થળે એક ગુણનું પ્રધાન પણું અને બાકીના બે ગુણો ગૌણપણું વર્તતા હોય છે. કેટલાક સ્થળો સત્વ-પ્રધાન પ્રકૃતિવાળા હોય છે તેવાં સ્થાનોનો સચેતન પ્રાણીઓ સાથે સંબંધ થતાં તે સ્થાનના ગુણો અને ત્યાં આશ્રય લેનાર પ્રાણીઓના ગુણોનો વિનિમય થવા માંડે છે તે પ્રસંગે સ્થાનગત પ્રકૃતિ મનુષ્યના આત્મામાં રહેલી રાજસ–તામસ કળાને મંદ પાડી સંક્રાંતથઈ જાય છે અને સત્વગુણની વૃદ્ધિ કરે છે.

આઘાત પ્રત્યાઘાતનો નિયમ ( Law of action & reaction ) આ રીતે લાગુ પડવાથી જિનમંદીરમાં જનાર મનુષ્યોના આત્માની પ્રકૃતિ જિનેશ્વરપ્રભુની મુદ્રાને જોઇને સત્વપ્રધાન થવીજ જોઇએ એમ આપણને સ્પષ્ટ લાગશે; પરંતુ જિન-મંદિરનું વાતાવરણ રાજસ તામસ પ્રકૃત્તિ વાળું આપણા નિમિત્તો થી ન બનવા પામે એ સાવચેતીની બહુજ જરૂર છે જિન મંદિરનું વાતાવરણ સત્વ પ્રધાન છતાં વ્યવસ્થાના અભાવે આપણાં નિમિત્તાથી રાજસ પ્રધાન બની જાય છે. આમાં આપ-ણી બેદરકારી અને અવ્યવસ્થા મુખ્ય હેતુભૂત હોય છે. એથી ઉલટું શત્રુંજયગિરિ-રાજ ઉપર તીર્થનાયક આદીશ્વર પ્રભુની પૂજા પ્રસંગે સ્ત્રી પુરૂષોની અથડાઅથડી અને ભીડ એવી જામે છે કે જો તે સ્થાનની સત્વ પ્રધાનતા લાંબા કાળથી મજબુત થયેલી ન હોત તો આપણાં નિમિત્તાથી આપણી અવ્યવસ્થાઓથી ક્યારની નાબુદ થઇ હોત અને રાજસ તામસ વાતાવરણવાળી બની ગઇ હોત પરંતુ આપણી અવ્ય-વસ્થાઓ કરતાં તે સ્થાનની પવિત્રતાનું બળ અધિક છે. જિનમંદિરની અવ્યવ-સ્થાઓ જેમ જેમ દૂર કરવાની સાવધાની વાપરવામાં આવે છે તેમ તેમ તે સ્થાન અને વ્યકિતની પરસ્પર અસર સત્વપ્રધાન રહે છે. ઉપાશ્રય પણ તેનેજ લગતું સત્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રધાન સ્થળ હોય છે પરંતુ ત્યાં જઇને આપણું કર્તવ્ય શું છે? ત્યાં જઇ આવ્યા પછી આપણે આપણી અધોભાવનાવાળી પ્રકૃતિ ઉપર કેટલા પ્રમાણમાં અસર કરી? વ્યાખ્યાનો સાંભળી રાજસ કે તામસ પ્રકૃતિ કેટલી ઘટાડી? તેના વિચારો નજ આવે અને યંત્રવત્ ગમનાગમન થાય તે સિવાય આપણી રાજસ તામસ પ્રકૃતિ ઉપર તે સ્થાનની કશી અસર થતી નથી ઉલટું કેટલી વખત તે સ્થાનનું વાતાવરણ આપણે આપની કિલ ષ્ટ ભાવનાવાળું કરી મુકીએ છીએ.

જે સ્થળે મહાપુરૂષો વિચર્યા હોય છે અને તેમની પ્રકૃતિનો રસ છંટાયો હોય છે તેવા સ્થાનમાં આવતાં મનુષ્યની તાત્વિક દૃષ્ટિ અચાનક પ્રકટ થતી દેખાય છે અને તેના અધિકારના પ્રમાણમાં તેને રહસ્યનું ભાન થવા સાથે તત્વવિચારનું સામર્થ્ય પ્રકટે છે; તેજ પ્રકારે રજોગુણવાળાસ્થાનનો સંબંધ થતાં સત્વ અનેતમોગુણ દબાઇ જઇ અનેક પ્રકારની ઇચ્છા અને વાસનાઓને તૃપ્ત કરવા તૈયાર થાય છે અને ધાર્મિક ક્રિયાકાંડ તેને શુષ્ક લાગે છે અથવા કષ્ટ સાધ્ય ભાસે છે; રાજસપ્રધાન પ્રકૃતિવાળા મનુષ્યો ભોગવિલાસની તૃપ્તિમાં દોડધામ કરનારા, અર્થ ઉપાર્જન કરવા માં અહોનિશ તત્પર રહેનારા હોય છે: આમ હોઇ આત્માના વિશુદ્ધ ગુણોને પ્રકટાવનારી સામાયિક–પ્રતિક્રમણાદિ ક્રિયાઓનું રહસ્ય સમજવા દરકાર કરતા નથી અને એથીજ એમને મન એ વસ્તુઓ કિંમત વગરની નિર્માલ્ય થઇ ગયેલી હોય છે. આ ઉપરથી એક એવો સિદ્ધાંત ફલિત થાય છે કે સત્વગુણ પ્રધાન આત્માને જીવન પર્યંત રાખવાને માટે બાલ્યાવસ્થાથીજ સામાયિકાદિ ક્રિયાઓના ટાંકણાઓ વડે જીવનમાં સંસ્કારો દરરોજ પાડવા જોઇએ જેથી મોટી ઉમ્મરે પણ તે તે ક્રિયાઓનું બળ આત્માને સવિશેષપણે સત્વપ્રધાન બનાવી ઉચ્ચ વર્તનથી જીવનને અધિક બળ આપી શકે.

આમ હોવાથી રાજસ પ્રકૃતિવાળા મનુષ્યો મોટે ભાગે પોતાની પ્રકૃતિને અનુકુળ સ્થાન શોધી લે છે. એટલે કે સાત્વિક સ્થાનમાં જઇ શાંતિ મેળવવાની ઇચ્છા નહિ કરતાં ગમે તે પ્રવૃત્તિ તો કરવીજ જોઇએ એવા નિશ્ચયવાળા હોવાથી એ પાંચ સ્થાનોમાં પોતાના જેવીજ પ્રકૃતિવાળા મિત્રવર્ગ પાસે ગપ્પાં સપ્પાં ચલાવી હરકોઇ વ્યક્તિની નિંદા કે અતિશયોક્તિવાળી સ્તુતિમાં કલાકોના કલાકો વીતાડે છે અને પોતાની પ્રકૃતિને પુરતો ખોરાક આપી સજીવન રાખે છે.

તમો ગુણવાળા સ્થાનો પણ પ્રત્યેક મનુષ્ય ઉપર પોતાની અસર પ્રકટાવે છે. પ્રમાદ, અવિવેક, અભિમાન, આલસ્ય અને ક્રોધ ઉત્પન્ન થાય તેવા સ્થાનનો સંબંધ તે પ્રકૃતિવાળાઓ ઇચ્છે છે એટલે કે જ્યાં આળસુ અને વ્યસની મનુષ્યો વસતા હોય ત્યાં તેમની પાસે રહેવું, તેમના પ્રસંગમાં આવવું અને તેમની મિત્રતા વધારવી એજ તેમની પ્રકૃતિનું લક્ષ્ય મુખ્ય હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાકર જેમ સ્વભાવથીજ મિષ્ટ હોય છે તેમ કેટલાક સ્થાનો સ્વભાવથીજ સાત્વિક હોય છે. જેમ સાકર સાથે મેળવેલું જળ કાંઇપણ વિલંબ વિના સાકરના ગુણને મેળવી લે છે: તેમ મનુષ્યો પણ સ્થાન સંબંધી પ્રકૃતિને તત્કાળ મેળવી શકે છે એથી ઉલટું જેમ લોઢાના ડટ્ટાને સાકરનો સંયોગ કશી અસર કરી શકતો નથી તેમ ત્રણે પ્રકૃતિઓના તારતમ્યને સમજનાર મનુષ્ય ઉપર કોઈ પણ અશુભ વાતાવરણ અસર કરી શકતું નથી.

વીરપરમાત્મા ચંડકૌશિક સર્પના તામસ પ્રધાન સ્થાનમાં ગયા તો પણ પોતાની સત્વપ્રધાન પ્રકૃતિ અવિચળ રાખી શકયા છે એટલુંજ નહિ પરંતુ તે સર્પને પણ સત્વ પ્રધાન બનાવી દીધો છે. ભોગવિલાસ સમયે પોતાના રાજમહેલમાં આસપાસના તમામ સંજોગો રાજસવૃત્તિને પોષનારા હોવાં છતાં સંયમકાળે ભોગ માત્રને તજીને યોગી થયેલા છે. તેમજ સાત્વિકી વૃત્તિના પ્રધાનસ્થાન સમવસરણમાં ગોસાળાના તેજોલેશ્યાના ઉપદ્રવ વખતે પણ પોતાની પ્રકૃતિ ત્રણે સ્થાનોમાં અવિચલિત રાખી શકયા છે. ઉલટું તે દરેક સ્થાનોનું વાતાવરણ વિશુદ્ધ કરી શકયા છે. એ ઇતિહાસમાં મોજુદ છે.

તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ જેમકે સમેતશિખરજી, પાવાપુરી વિગેરે સ્થળોમાં સત્વશુદ્ધિનો પ્રભાવ રહેલો છે. કેમકે આવા સ્થાનોમાં આવતાં અંત:કરણ ઉચ્ચ કળાએ વર્તવા માંડે છે અને તીર્થંકર પ્રભુનાં ચરિત્રોની યાદ આપી આત્માને નૈસર્ગિક શક્તિનું ભાન કરાવે છે. તેજ પ્રમાણે મુંબઇ અને કલકત્તા જેવા પ્રવૃત્તિવાળા શહેરોમાં શાંતિ અને સાત્વિકી વૃત્તિનો અભાવ દૃષ્ટિગોચર થાય છે. જેથી તે સ્થાનોમાં મનુષ્યોની સ્વાભાવિક લાગણીઓ દબાઇ જવાથી ધર્મના સત્વપ્રધાન કાનુનો સાચવી શકાતા નથી.

પરંતુ પાણીમાં કુદરતી મિષ્ટતા હોવા છતાં જેમ તેમાં લૂણ નાખવાથી મિષ્ટતાનો પરાભવ થાવ છે, તેમ વ્યક્તિ અને સ્થાન વચ્ચેના સબંધનું પરિણામ છે. એક બીજાનો સ્વભાવ ફરી જાય છે; તેથી ઉલટું ભર્યા સરોવરમાં જેમ મીઠાંનો ટોપલો નાંખવાથી કશી પણ અસર દેખાતી નથી તેમ જે સ્થાનમાં સ્વાભાવિક ગુણ ઉચ્ચપણે બંધાઇ ગયેલો હોય છે તે સ્થાનનું વાતાવરણ તેના સંબંધમાં આવનાર મનુષ્યથી વિકારી બનતું નથી.

શત્રુંજયગિરિ શાશ્વત છે એમ કહેવામાં એવો અર્થ સમાયલો છે કે તે સ્થાનની અસ્તિ કાયમ રહેવા સાથે પવિત્ર અસર એવી મજબુત છે કે તે કદી અનેક વિરોધી વાતાવરણમાં પણ ચલિત થવાની નથી. કેમકે ઉત્તરોત્તર વિશુદ્ધિનું વાતાવરણ પ્રબળપણે પ્રસરતું જતું હોય છે. કાળ પ્રભાવે કદાચ ઓછું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશુદ્ધિવાળું થાય પણ તેની અસર એવી પ્રબળ હોય છે કે તે સંબંધમાં આવનાર પાપી-તામસ પ્રકૃતિવાળા પ્રાણીની પણ પ્રકૃતિનો પલટો કરાવી પોતે અવિચળ રહે છે. ખુલ્લી હવા, વૃક્ષની કુંજો, બગીચાઓ વિગેરે પણ સામાન્યત: જોઇએ તો પણ પ્રવૃત્તિમાં રચી પચી રહેલા મનુષ્ય જીવન ઉપર કેવી અસર કરે છે ?

જિન મંદિરોમાં અને તીર્થ સ્થળોમાં સંસાર વિષયક વાર્તાની પણ મનાઇ કરવામાં આવી છે તેનું કારણ પણ એજ હોવું ઘટે છે કે આવા સ્થળોમાં આવીને પણ મનુષ્યો પોતાની હલકી પ્રકૃતિને પોષે-બાળચેષ્ટા કરે અથવા વ્યાખ્યાન કે પ્રતિક્રમણમાં ઝોકાં ખાય, એ રાજસ તામસ પ્રકૃતિઓની સામે પ્રતિરોધ બળ ઉત્પન્ન કરવા માટે છે અને જો ત્યાં પોષવામાં આવે તો અંત:કરણને ઉચ્ચ કળાએ મુકવાને બદલે તે સ્થાનને ક્રમે ક્રમે અધમ પ્રકૃતિના વાતાવરણવાળું કરી મુકે છે.

શાસ્ત્ર ડિંડિમ વગાડીને કહે છે કે મહાત્માઓના નિવાસ સ્થાનમાં હિંસક પ્રાણીઓ પણ પોતાનાં વૈરો ભુલી જાય છે તેમજ એક શેરીનું નિરપરાધી કુતરૂં શિકારી મનુષ્યના સ્થાનમાં મુકાય છે તો તેનામાં ક્રૂરતાનો સંચાર થાય છે. આ બન્ને દૃષ્ટાંતો મનુષ્યને સૂચવે છે કે તેણે સ્થાનની પસંદગી કરતાં અત્યંત સાવધાન રહેવું જોઇએ.

જૈનદર્શન ' વિચાર ' ને માનસિક પરમાણુઓ માને છે. અને તે 'લેશ્યા' નો પ્રકાર હોવાથી તેને જુદા જુદા આકાર ( Thought form ) અને કાળો, નીલ, કાબરચિત્રા વિગેરે રંગવાળા માને છે. પાશ્ચિમાત્ય વિદ્વાનોએ તેના રંગો યંત્રોની મદદથી તપાસ્યા છે, સ્વીકાર્યા છે. આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે સ્થાનનો સંબંધ આપણા અંત:કરણમાં સાત્વિક-રાજસ કે તામસ ભાવ ઉપજાવનારી શક્તિ ધરાવે છે.

અશોકવૃક્ષ તીર્થંકર પ્રભુના સમવસરણમાં પ્રાતિહાર્ય તરીકે પ્રકટ થવાનો હેતુ શું છે ? ત્યાં આવનાર તમામ પ્રાણીઓ વૈરને ભુલી જાય અને સંસાર તાપના શોક રહિત થઇ શાંતિથી તે છાંયા વડે જિનોપદેશ સાંભળે છે. આમાં જેમ તીર્થંકર પરમાત્માની શાંતિનો પ્રભાવ છે તેમ તેવા વૃક્ષવાળા રમણીય સ્થાનનો પણ પ્રભાવ છે. વડનું વૃક્ષ સામાન્ય પ્રાણી વર્ગને શીતકાળમાં પોતાની ઘટા નીચે ગરમી આપે છે તેમજ ઉષ્ણકાળમાં ઠંડક આપે છે. સ્થાનનો પ્રભાવ મનુષ્ય જીવન ઉપર અસર કરવા માટે ખાસ અગત્યનું સાધન છે એ નિર્વિવાદ છે. મતલબ કે જીવનની વૃત્તિઓ અને સ્થાન સાથે અરસપરસ નિકટ સંબંધ છે; એમાં જે બળવાન હોય તે એક બીજાની અસર ગ્રહણ કરી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુસ્થિતિ આ પ્રકારે હોઇ દરેક મનુષ્યે આત્માની ઉન્નતિ કરવા માટે જિનમંદિર અને ઉપાશ્રયે–દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણુ તત્વોની પ્રાપ્તિથી સાત્વિકી વૃત્તિ વધારવા હરરોજ આવશ્યક કાર્ય તરીકે જવાનો સંકલ્પ કરવો જોઇએ. તે ઉપરાંત પોતાના ગૃહમાં પણુ પૃથક્ સ્થાન રાખી ઓછામાં ઓછો બે ઘડી જેટલો કાળ આત્મગત દોષોનું ચિંતવન કરવામાં હમેશાં નિયમ તરીકે ગાળવાની જરૂર છે જેથી ગત અનંત કાળમાં નહીં સધાયલું એવુ પરમ કર્તવ્ય આ ભવમાં સિદ્ધ થઇ પરિણામે સંસારની સમાપ્તિ બની આવે છે. જીવનની વિશુદ્ધિના વાતાવરણુ ઉપર ‘ સંગતિ ’ કેવી અસર કરે છે તે પ્રસંગોપાત્ત વિચારીશું.

ફતેહચંદ ઝવેરભાઇ.

# સ્વઓલખાણુ સંબંધી સ્થૂલ વિચારણા.

( ૪ )

લે. વકીલ નંદલાલ લલુભાઇ—વડોદરા.

૧ અઢાર પ્રકારની દ્રવ્ય દિશા અને અઢાર પ્રકારની ભાવ દિશાઓમાંથી આપણો જીવ આવ્યો અને પાછો તેજ દિશાઓ પૈકી કોઇને કોઇ દિશામાં જવાનો એમ આવા ગમન કરતાં કરતાં કોઇપણુ ઠેકાણે સ્થિરતા પામવાનો કે કેમ ?

૨ પંચાસ્તિકાયમય લોક અસંખ્યાત પ્રદેશી છે. ભગવંત તીર્થંકરો અને કેવળજ્ઞાની મહારાજોને જગતનું સ્વરૂપ પોતાના અનંત જ્ઞાનથી જાણીને જે વસ્તુ જેવા સ્વરૂપમાં જણાઇ તેવી આગમ દ્વારા જણાવી ગયા છે. તેમાં એક વાત એવી જણાવી છે, કે આકાશના અસંખ્યાતા પ્રદેશ છે. તે એકે એક પ્રદેશે આપણા જીવે અનંતીવાર જન્મ મરણુ કરેલાં છે. એવો એક પણુ પ્રદેશ નથી કે જ્યાં આપણા જીવે અનંતીવાર જન્મ મરણુ કરેલાં ન હોય. તેમજ ચૌદ રાજલોકમાં અનંતા જીવો છે. તે પ્રત્યેક જીવની સાથે આપણો જીવ કોઇને કોઇ પણુ રીતના સબંધમાં આવેલો છે. તેવીજ રીતે તીર્થંકર, ગણુધર, ચક્રવર્તી, અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થવું, અને ભાવિત અણુગારપણું પામવું, એ પાંચ સ્થાન શીવાય એવું કોઇપણુ સ્થાન, કુલ, જાતિ, અને યોનિ નથી કે જ્યાં આપણો જીવ વારંવાર ઉત્પન્ન થયો ન હોય, એ પ્રમાણે જણાવેલું છે.

૩ આ કથનમાં જણાવેલું સ્વરૂપ સમજવાને આ જન્મ કોઇ વખત અંતરંગ પ્રેમથી પ્રયત્ન કર્યો નથી અથવા કરતા નથી એ કેટલી મોટી ભુલ ?

૪ આઠ પ્રકારના કર્મોમાં આયુષ્ય કર્મ નામનું એક કર્મ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ દેવ, મનુષ્ય, તિર્યંચ, અને નરક એ ચાર ગતિમાં જીવોને ઉત્પન થવાને ચોરાશીલાખ જીવયોનીઓ છે તેમાંથી કોઇને કોઇ યોનીમાં જન્મ ધારણ કરે છે.

૬ જે જે ભવમાં જીવ ઉત્પન્ન થાય છે. એટલે આયુષ્ય કર્મનાં દળીયાં પોતાના આત્મપ્રદેશની સાથે લઇ આવે છે.

૭ એ આયુષ્ય કર્મનાં દળીયાં–પુદ્‌ગલો–જીવ આત્મપ્રદેશમાં કયાં રાખે છે ? આત્મા–જીવ–તો અરૂપી છે. એ બેનો મેળ શી રીતે થાય છે ? આ તો ઘણી સુક્ષમ વાત છે. તે એકદમ લક્ષમાં આવે તો આજસુધી આપણને કોઇએ કેમ જણાવી નહિં ? એવી વાતો જણાવનાર તો છે પણ તે જાણવાની કે સમજવાની આપણને રૂચી થતી નથી.

૮ આપણામાં પરોપકારી જીવન ગુજારનાર મુનિ મહારાજાઓ એક સ્થાન પર સ્થિર નહી રહેતાં હમેશ જુદા જુદા પ્રદેશોમાં વિહાર કરે છે, તેઓના વિહારના અનેક ઉપદેશોમાં એક ઉદ્દેશ એવો છે કે–બાળ જીવોના ઉપર કારૂણ્ય બુદ્ધિથી ધર્મોપદેશ કરવો. તેથી તેઓ વ્યાખ્યાન દ્વારા કે બીજી રીતે ધર્મોપદેશ દેવાને પ્રયત્ન કરે છે. તે ધર્મોપદેશ સાંભળવાને આપણે જતાં નથી, તેઓ ધર્મોપદેશ સાંભળવા આવવા આપણને ઉપદેશ કરે છે, ત્યારે આપણે કોઇને કોઇ સબબ બતાવી વખત નથી મળતો, ફુરસદ નથી, આવા પ્રકારના નજીવા બહાના કાઢી ત્યાંથી છટકી જવામાં આપણું ચાતુર્ય લઢાવીએ છીએ.

૯ આ જમાનામાં ધાર્મિક સાહિત્યના ફેલાવા માટે જુદી જુદી સંસ્થાઓ તરફથી પુર્વાચાર્યોકૃત વિવિધ વિષયોના ગ્રંથો છપાઇ બહાર પડે છે. તે ગ્રંથો ઘર આગળ વાંચતાં જ્યાં સુક્ષમ બોધના વિષયો આવે છે ત્યાં આપણે મુંઝાઇ જઇએ છીએ. અને તત્વજ્ઞાનના વિષયો નહિં સમજાતાં તેના ઉપર અરૂચી લાવી તેવા વિષયો વાંચવાનું અને સમજવાનું છોડી દઇએ છીએ, અગર તે ઉપર અનાસ્થા કરીએ છીએ. અથવા જ્યાં જ્યાં વ્યાખ્યાનની સવડ હોય છે ત્યાં ત્યાં સુક્ષમ વિષય સમજાવનાર આગળ ગ્રંથો વંચાતા હોય છે તે વખતે તેવા વિષયો સમજી લેવા પ્રયત્ન કરતા નથી, અને કથાનુયોગના વિષયો તરફ રૂચી બતાવીએ છીએ. એટલે સુક્ષમ બોધના વિષયનું જ્ઞાન અને તત્વ પ્રતિતિ થતી નથી.

૧૦ પ્રથમ તો આવી સુક્ષ્મ વાતો સમજવાને તત્વ રૂચી પેદા થવી જોઇએ વ્યવહારિક ઉચ્ચ પ્રતિનું શિક્ષણ મેળવવાની ઇચ્છાવાળા વિદ્યાર્થી કોલેજની અંદર જે તે વિષયના પ્રોફેસર પાસે જઇ તેમના ભાષણો સાંભળી તે તે વિષયના ગ્રંથોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારી રીતે અભ્યાસ કરે છે ત્યારે તેમને તે વિષયનું જ્ઞાન થઈ પરિક્ષામાં ફતેહમંદ નિવડે છે. તેવીજ રીતે તત્વજ્ઞાન મેળવવાને પ્રયત્ન કરવો જોઈએ. પ્રયત્નની આગળ અસાધ્ય શું છે ?

૧૧ શ્રુત જ્ઞાનના જીજ્ઞાસુ અભ્યાસીનું લક્ષણ બતાવતાં શાસ્ત્રકારો જણાવે છે કે, શ્રીમંત કુટુંબનો સુખી તરૂણ પુરૂષ પોતાની નવયોવના લાવણ્ય અને ગુણવતી પત્નિ સાથે જતો તોપણ તેવામાં નજીકના પ્રદેશમાં દેવતાઇ ગાયન થાય છે એવી ખબર તેને મળે તે સાંભળવાને તેનો જીવ તલ પાપડ થઇ જાય છે, અને જેમ બને તેમ શીઘ્ર ગતિથી ત્યાં જાય છે, અને ગાયન સાંભળવાને એકાગ્ર બને છે. તેમજ કોઈ પ્રખ્યાત નાટક કંપનીનો વખણાતો ખેલ હોય છે, તો તે જોવાને માટે જનાર પ્રેક્ષક જીજ્ઞાસુઓની ઉત્સુકતા એટલી બધી જોવામાં આવે છે કે તે પ્રસંગે અંગત લાભની કોઇ બાબત હોય છે, તો તે તરફ ઉપેક્ષા કરીને પણ નાટકને માટે જાય છે એટલુંજ નહિ જે ઠેકાણે નાટક કંપની હોય છે તે ઠેકાણે દુર દુર પ્રદેશથી પ્રેક્ષકો મોટી અડચણ અને દુઃખ વેઠીને નાટક જોવા જવા અને નાટકની શરૂઆત વખત પહેલાં પોંચી જવાને દોડાદોડ કરી મુકે છે નાટકની ટીકીટો ખપી ગઇ હોય તેવે પ્રસંગે ટીકીટની મુળ કીંમતની બમણી ત્રમણી કિંમત આપીને પણ નાટકને ચુકતા નથી અને નાટક જોઈને પોતે જીવનમાં કૃત્ય કૃત્ય થયા હોય એમ સંતોષ માને છે તેજ પ્રમાણે તત્વજ્ઞાન મેળવવાને માટે જો પ્રયત્ન કરવામાં આવે તો જ્ઞાનાવરણી કર્મના ક્ષયોપશમ ભાવને પામીને સુક્ષ્મ વાતો જાણવાને અને સમજવાને લાયક થઇએ દરરોજ થોડો વખત એ ખાતે કાઢી નિયમિત રીતે સતત્ પ્રયત્ન કરનારા અભ્યાસીઓ સારા જાણકાર થએલા છે.

૧૨ હવે આપણે મુળ વિષયની વિચારણા કરીએ; પાંચ પ્રકારના શરીર છે ઔદારિકઃ વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. પ્રતિક્ષણે પુદ્ગલના ઉપચય
૧ ૨ ૩ ૪ ૫
અપચયના લીધે વધવા અને ઘટવાનો શરીરનો ધર્મ છે. તૈજસ અને કાર્મણ શરીર પ્રત્યેક સંસારી જીવની સાથે પ્રવાહની અપેક્ષાએ અનાદિ કાલથી સંબંધવાળું છે. ઔદારિક અને વૈક્રિય શરીર ગતિ આશ્રી જન્મ ધારણીય છે. દેવ અને નરક ગતિના જીવોને વૈક્રિય શરીર મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોને ઔદારિક શરીર ભવ-આશ્રી હોય છે, તેથી પ્રત્યેક સંસારી જીવ ત્રણ શરીર વાળા હોય છે. આહારક શરીર તો ચૌદ પૂર્વધર લબ્ધિવંત સાધુ સંદેહ ટાળવા માટે અથવા તીર્થંકરની રિદ્ધિ જોવા માટે સ્ફાટકના જેવું અતિ ઉજ્જ્વલ મૂઢા હાથ પ્રમાણ અંતર મુહુર્તની સ્થિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાળું આહારકનામ કર્મોદયે આહારક શરીર યોગ શુભ પુદ્‌ગલ ગ્રહણ કરી જીવ પ્રદેશ સાથે મેળવી શરીર પણે નિપજાવે છે તે આહારક શરીર કહેવાય છે. આ આહારક શરીર ઉત્પન્ન કરવાની શક્તિ એવા લબ્ધિવંત પવિત્ર મુનિઓ શિવાય બીજાઓને હોતી નથી.

૧૩ કાર્મણ શરીર એટલે કર્મનો વિકાર, કર્મમય, કર્મસ્વરૂપ, સર્વ શરીર બીજભૂત ખીર નીરની પેઠે જીવપ્રદેશ સાથે જે કર્મદળીયાં મળી રહ્યાં છે તે આ કાર્મણ શરીર જીવ--આત્માના જે શુદ્ધ ગુણ અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર યાને જીવનું જે નિર્મળ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદમય તેને આચ્છાદન કરે છે. આ.શરીરેજ જીવની અનંત શક્તિને દબાવેલી છે મિથ્યાત્વ, અવિરતી, કષાય યોગ અને પ્રમાદના લીધે જીવ પ્રતિ સમયે--ક્ષણે કર્મ બંધ કરે છે તેમાં જે સમયે આવતા ભવના આયુષ્યનો બંધ કરે તે સમયે આઠ કર્મનો અને બાકીના સમયે સાત કર્મનો બંધ કરે છે.

૧૪ આયુષ્ય કર્મનો બંધ વર્તમાન ભોગવાતા આયુષ્યનો ત્રીજે, નવમો, સતાવીશમો, એકાશીમો છેવટ અંત મુહુર્ત ભાગ બાકી રહે તે વખતે કરે છે.

૧૫ ચરમ શરીરીયાને છેવટ મુક્તિગામી જીવો સિવાયના સંસારી જીવો આવતા ભવના આયુષ્યનો બંધ કરીનેજ મરણ પામે છે. એ આયુષ્ય કર્મના દળીયાં યાને પુદ્‌ગલો પોતાના આત્મ પ્રદેશની સાથે ક્ષીર નીરની પેઠે ઓતપ્રોત કરી નાખે છે. કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો એટલા બધા સુક્ષ્મ છે, કે તે ચરમ ચક્ષુથીજોવાઇ શકાતા નથી. કાર્મણ શરીર જે કર્મ પુદ્‌ગલોનુંજ બને છે તેની સાથેજ આયુષ્ય કર્મના દળીયાંનો સંબંધ થાય છે. જીવ માતાના ગર્ભમાં ઉપ્તન્ન થાય છે ત્યારથી પ્રતિ સમય આયુષ્ય કર્મ ભોગવાઇ તે કર્મ પુદ્‌ગલો આત્મ પ્રદેશથી છુટા પાડે છે. એ છુટા પડતાં પડતાં છેવટ કર્મના પુદ્‌ગલો ખપી જાય છે ત્યારે જીવતે ગતિમાં મરણ પામી પાછો નવીન ગતિના આયુષ્યનો બંધ કરેલો હોય છે, ત્યાં ઉપ્તન્ન થાય છે. એમ જન્મ મરણ કર્યા કરે છે. એમ ભૂતકાલમાં આપણા જીવે અનંતા શરીર ધારણ કર્યા અને છોડ્યા. એ છોડેલા શરીર સમુદાયને એકઠાં કરી તેનો ઢગલો કરવામાં આવે તો આખા જંબુદ્વીપમાં પણ સમાઇ શકે નહિં. જીવને જ્ઞાનાવરણી કર્મ એટલાં બધા લાગેલાં છે પુર્વભવોનું સ્વરૂપ આપણે જાણી શકતા નથી. જો તે જાણવામાં કે જોવામાં આવે તો આ જીવનમાં આપણે જે અશુદ્ધ જીવન ગુજારીએ છીએ તે નહિં ગુજારતાં તેને શુદ્ધ બનાવવા જરૂર પ્રયત્ન કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ આયુષ્ય કર્મનો બંધ કરી જીવ જન્મ ધારણ કરે છે. તે જીવ જેમ જેમ ઉમરમાં વધતો જાય છે તેમ તેમ આયુષ્યમાં ઘટતો જાય છે. લૌકિક કહેવત પણ છે કે—" મા જાણે દીકરો મ્હોટો થાય છે અને આયુષ્યમાંથી ઓછો થાય છે. " આયુષ્યમાં વધારો કરવાની સત્તા કોઇની નથી. પરમ પુજ્ય તીર્થંકર ભગવંત જેમની સેવામાં હમેશાં કમતીમાં કમતી એક ક્રોડ દેવો રહે છે, તેઓ પણ આયુષ્યમાં વધારો કરી શકતા નથી. પ્રતિ સમય ભોગવાતું આયુષ્ય એ પણ એક જાતનું આવીચિ નામનું મરણ છે. એ મરણનું ભાન આપણને થતું નથી. મોહમાં મુંઝાઇ વિષય કષાયમાં રકત બની પ્રતિ સમય પ્રમાદાચરણમાં વ્યતિત કરીએ છીએ, તે જો આયુષ્યના સ્વરૂપનું યથાર્થ જાણપણું હોય તો કરીએ નહિં.

૧૭ ચાર ગતિરૂપ સંસારમાં જુદી જુદી જાતિમાં ઉત્પન્ન થનાર જીવ તે તે આશ્રી ઉત્કૃષ્ટ આયુષ્ય કેટલું બાંધે એ પણ લક્ષ ઉપર રાખવા જેવું છે.

મનુષ્ય ગતિવાલા જીવોમાંથી જે મહાન પુન્યશાળી જીવ આઠે કર્મ ખપાવી મોક્ષે જાય તે સીવાયના જીવો ચારે ગતિમાં એટલે ચોવીસે દંડકે જઇ શકે છે. ચારે ગતિપૈકી દેવગતિના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગરોપમનું, મનુષ્ય અને તિર્યંચ ગતિ આશ્રિ ત્રણ પલ્યોપમનું અને નરક ગતિમાં પણ તેત્રીશ સાગરોપમનું છે. એ દરેક ગતિમાં તેના પેટા વિભાગ ઘણા છે, અને આયુષ્યના બંધના કાલમાં તારતમ્યતા છે. અહિં એ ધ્યાનમાં રાખવાનું છે કે મનુષ્ય ગતિમાં એ આપણે શુદ્ધ પવિત્રાચરણ રાખી ઉત્તમ જીવન નહિં ગુજારતાં અશુદ્ધ જીવન ગુજારીશું તો ભવાંતરના આયુષ્યનો બંધ, નીચી ગતિ એટલે નરક અને તિર્યંચ ગતિના લાયકનો પડશે. પછી તે ગતિના લાયકના માઠા વિપાકો આપણને ભોગવવા પડશે. માટે તેવી ભુલ ન થાય તેના માટે કાળજીવંત રહેવાની જરૂર છે.

# આપણો અમુલ્ય વારસો.

## આદર્શ જૈન ગુરૂકુળની નજર નોંધ.

**બાળકોનું પશુ જીવન.**

જૈન સમાજનું ભાવિ જેના હાથમાં છે તે ભાવી પ્રજાની સ્થીતિનું અવલોકન કરવાની ભાવનાથી આ મારૂં પર્યટન હતું. મેં મારી સફરની શરૂઆત નાના ગામડાથી કરી. આવા ઘણાં ગામોમાં મેં જોયું કે ત્યાંના બાળકો પશુ જીવન ગુજારી રહ્યાં હતાં કેમકે તેમને શિક્ષણ આપવાને નિશાળ કે અધ્યારૂનું સાધન ઘણા ગામોમાં નહોતું. એતો ખુલુંજ છે કે પ્રકાશ વિના વનસ્પતિ કરમાય છે, પશુ, પક્ષી પણ કચ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાઈને નિસ્તેજ બને છે તો મનુષ્ય જેવી જીંદગી પ્રકાશરૂપી જ્ઞાન વિના નિસ્તેજ હોયજ. કેટલીક વખત મને એમ પણ થઇ આવ્યું કે પોતાના પ્રાણ–ધન રૂપ વારસા ને આમ અજ્ઞાનરૂપી અંધકારમાં ઉછેરવા માટે તેમનાં વાલી–માબાપને બે શબ્દો કહી દઉં પરંતુ હું જ્યારે ઉંડો ઉતર્યો ત્યારે મને જણાયું કે તેમના માબાપોજ આવા અંધારામાં દબાઈ તદ્દન શુષ્ક થઇ ગયાં હતાં. મનુષ્ય જીવનની સાર્થકતા શું છે ? તેનું તેને ભાન નહોતું. ધર્મ અને આત્માના વાસ્તવિક સ્વરૂપને પીછાણતાં નહોતાં. તેમની આર્થિક સ્થીતિ પણ એટલી નબળી હતી કે તેનું પેટ પુરવાના પણ સાંસા જોવાયાં ત્યાં તેમને બાળકોના કલ્યાણ માટે કહેવું તે મને ફળ વિનાનું લાગ્યું. ઘણાં બાળકો તો મા કે બાપ વિનાના એકલાં અટુલાં રજળી પડેલાં હતાં. તેઓ જાનવરની માફક પેટ કેમ પુરવું તેજ ચિંતામાં હોઇને કાંતો કોઈની ગુલામીમાં કે કાંતો ભીક્ષા કે અઘટીત માર્ગે વહી જવાની અણી પર હતાં. પેટને માટે દેહ વટાળવા–ધર્મ વેચવા ચગદાઇ મરવાને પણ તેઓ તૈયાર હતાં. હાય ! આ દેખાવે મારા હૃદયને ચીરી નાંખ્યું. દયાનો નિઃશ્વાસ નિકળી ગયો ને બે અશ્રુ પણ સરી પડયાં. હવે હું શહેરોમાં ગયો. હું સમજી શકયો કે નાના ગામડામાં ધંધા ધાપા વિના પાયમાલ થઇ કંટાળી ગયેલાં સેંકડો કુટુંબો પોતાના પ્રિય વિશ્રામસ્થાનનો ત્યાગ કરીને અહીં આવી વસ્યા હતાં. જેથી શહેરો માણસોની મેદનીથી હુચમચી રહેલાં મેં જોયાં. પ્રાથમિક દૃષ્ટિયેતો મને કેટલાંક શહેરો જોઇને સ્વર્ગના વૈભવની વાતોનો મુકાબલો કરવાનું મન થયું. ગાડી–ઘોડાની દોડધામ મોટર ટ્રામ રેલવેની મારંમાર, બાગબગીચાની લહેજત અને નવનવા રંગમાં રંગાયેલા ટોળાબંધ માણસોને હરતાં ફરતાં જોઇ જરા અદેખાઇ પણ થઇ. પરંતુ મારો આનંદ તો આપણા ભાવિ વારસાના આનંદ સાથે જોડાઇ રહ્યો હતો તેથી હું તેમની સ્થીતિ નીહાળવા નીકળી પડયો.

## સત્વ વિનાનાં શહેરી.—

જ્યારે હું બાળકોના શીક્ષણસ્થાનોમાં ફરવા લાગ્યો ત્યારે પહેલાં તો સેંકડો બાળકોને ભણવા જતાં જોઇ, અને તેમના માટે વિશાળ મકાનો અને સગવડો નીહાળી મારી છાતી સવા વેંત ઊંચી થઈ ગઇ. ને તેમના પાછળ શાળા; કોલેજો, હાઇસ્કુલો અને તેવા મોટાં નામના ડહારા વાંચતો ફરી વળ્યો. અહીં મેં ઘણાઓની આંખે ચકચકતા કાચના પાવરા (ચશ્મા) બાંધેલાં જોયાં. પહેલાં તો મને લાગ્યું કે કદાચ બહુ ભણેલાઓ ઇનામમાં હીરા–માણેક ના ઇનામો મેળવીને મલકાંતા હશે. પરંતુ જરા પાસે જઈને જોઉં છું તો આ ઉછરતા બાળકોની આંખોના ઠેકાણાં ન ભાળ્યાં. હવે તો હું તેના ટોળામાં ભળ્યો. અને જેમ જેમ વધારે નજીક જતો ગયો તેમ તેમ મારો હર્ષ શોકમાં ફેરવાઇ ગયો.

આ ટોળામાં જાત જાત ને વર્ણે વર્ણના બાળકો હતા પણ તેમાં પ્રેમ ઓછો જોયો. સાથે ભણનારા સહયોગી શ્રી કૃષ્ણ અને સુદામાના બાળભાવ કયાં ? અને આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમંત ગરીબના ભેદનું ભુત પેઠેલો મામલો ક્યાં ? વર્ષો પછી પણ શ્રીકૃષ્ણ જેવા દેવાંશી પુરૂષ–દેશનો ચક્રવર્તી છતાં ભીખારી વેશે આવેલા સુદામાનું નામ સુણી સામે દોડે, વેશ અને અધિકારનો તફાવત ભુલી જઈ ભેટી પડે અને સામાન્ય તંદુલની ભેટને પોતાની અમાપ સમૃદ્ધિથી પણ અધિક કીમતી કહે, એ વાત મારા મનમાં તાજી થઇ આવી.

મને એમતો થયું કે આ પૂર્વની વાતો તે વાતોજ રહેવાનું, કારણ હાલના આપણા ચક્રમાં કંઇ ઉણપ હોવા વિના તેમ ન બને. એજ આર્ય ભૂમિ તથા એજ હવા–પાણી અને પ્રકાશ છતાં જુની આર્ય સંસ્કૃતિનો લોપ થવાનું કારણ શોધવા મેં બહુએ પછાડા માર્યા. અંતે મને એ વિચાર આવ્યો કે તે વખતના શિક્ષણમાં કે શિક્ષણપદ્ધતિમાંજ આ ગુણ હોવા જોઈએ. બળવાન અને નિરોગી મુળ વિના સુંદર વૃક્ષ કે મીઠાં-ભરાઉ ફલની આશા કેમ રાખી શકાય ?

**શિક્ષણ શામાટે ?—**

જેને આપણે કેળવણી કહીએ છીએ તેનો અર્થ કેળવાવાનો છે. કેળવણી લેવા કેળવાવા છતાં જો માણસ–માણસ ન બને તો લીધેલી કેળવણી શું કામની ? મૃગ પાસે કસ્તુરી છતાં તે કસ્તુરીને શોધે, કે માથે અમુલ્ય વસાણું લાધવા છતાં ગધેડાં ભોં ચાટતાંજ રહે તેમ કેવળ ભાર વહેવાને કેળવણીનો બોજો જરૂરનો નથી. છતાં મને તો દેખાયું કે અહીં બાળકોમાં મોટા ભાગે વિનય કે પૂજ્ય ભાવને અભરાઇએ ચઢાવવામાં આવ્યો હતો. ધર્મની શ્રદ્ધાને બદલે ધર્મને ઢોંગ મનાતો, બાળકોની તેજીનું તો ઘણાં અંશે નિશાન પણ નહોતાં, છતી આંખે અંધ જેવાં, છતાં સાધને મુફલીસ દેખાતાં, અને કુતરાંના ભરાવાનો અવાજ સાંભળતાં છુપાય જાય તેવી નબળી છાતીના બહુએ બાળકો મેં જોયાં.

આર્ય ભુમિમાં ઉછરેલી પ્રજા આટલી વિર્યહીન કેમ ? એ પ્રશ્ને મને બહું ગુંચવ્યો. પણ વધુ તપાસ કરતાં સમજાયું કે તેમાં ઘણાં બાળકોને જન્મતાં પહેલાં પરણાવેલાં હતાં, કેટલાક ધર્મ કે વિવેકની ખામીથી આડે ગયા હતા, કેટલાકને ઘરની ચિંતા, કોઇને દોડાદોડીની પીડા અને કોઈને સાત્વીક ખોરાકનો અભાવ હતો. સૌના માટે એક વાત તો એ હતી કે શિક્ષણનો ક્રમ કેવળ નોકરોના ચરખા ઘડવા જેવો હતો. મનુષ્ય બનાવવા કરતાં ભાર લાધવાના–બનાવવાને વધારે કાળજી રખાઇ હતી. હૃદયને તો બહુએ આઘાત થયો પરંતુ શું ઉપાય ? મારૂં કામ તો નિરિક્ષણ કરવાનું અને ખાસ કરીને જૈન પ્રજાને વીર પુત્ર તરીકે ચળકતી જોવાને ભાવિ પ્રજાની સ્થીતિ અવલોકવાનું હતું. એટલે નવો ક્રમ રચવાની ચિંતામાં મારે રોકાઇ જવું ન પાલવ્યું, અને હાલની અવદશા અવલોકીને મનને જે આઘાત થયો હતો તેથી શાંતિ મેળવવાને યાત્રાર્થે જવા નીર્ણય કર્યો.


**શ્રી સિદ્ધક્ષેત્રમાં જૈન ગુરૂકુળ—**

આપણા પવિત્ર તિર્થ શ્રી સિદ્ધાચળજીના દર્શન કરવાને હું નીકળ્યો અને

For Private And Personal Use Only

જ્યારે રેલવેમાં બેઠાં દુરથી ગિરિરાજનાં દર્શન કર્યાં ત્યારે મન બીજા વિચારોને છોડી તે તરફ વળ્યું. હું બારી પાસે બેસીને ગીરીરાજને નિહાળી રહ્યો હતો. જેમ જેમ પાલીતાણાનું સ્ટેશન પાસે આવતું ગયું તેમ તેમ મારો આનંદ ઉછળ્યે જતો હતો તેવામાં એક ભવ્ય મકાન મારી દૃષ્ટિયે પડતાં સ્ટેશન ઉપર આવું વિશાળ મકાન કોનું

[ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ–પાલીતાણા. ]



છે તેમ જાણવા મન લલચાયું. ગાડી સ્ટેશનના કંપાઉન્ડમાં પેઠી ત્યાં તો મારા ચિત્તને આ મકાને રોકી દીધું, ને દુરથી **'શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ–પાલીતાણા'** એ શબ્દો વાંચતાંજ હું કુદી ઉઠ્યો અને બોલાઇ જવાયું કે ' હા ! હજી જૈન પ્રજા જીવતી છે ખરી. '

મારી સાથે બેઠેલાઓ આ મારી બાળચેષ્ટાથી હસી પડ્યા અને માંહો માંહે મારી તરફ આંગળી બતાવવા લાગ્યા. પણ મારૂં ધ્યાન તો આ આશાના કિરણમાં એટલું પરોવાઇ ગયું હતું કે ગાડી ઉભી રહેતાંજ આંધળુકિયાં કરીને બહાર કુદી પડ્યો ને આ ' ગુરૂકુળ ' ની પવિત્ર ધુલીનો ચરણસ્પર્શ કરવાને દોડ્યો.

## જૈન ગુરૂકુળમાં મેં શું જોયું ?

ગુરૂકુળના પ્રવેશદ્વારમાં પગ મુકું છું તો ત્યાં કેટલાંક બાળકો નાહી ધોઇ પૂજા કરવા ઉપર ચઢતાં હતાં, કેટલાંક ચોકમાંજ ઉભા કરેલાં કસરતના સાધનો સાથે અંગકસરતનો અખાડો જમાવી રહ્યા હતા. આ પ્રાથમિક દૃષ્ટીથીજ મને થંડક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વળી ગઇ. આ બાળલીલા નીહાળવામાં તદ્દચિત થઇ ગયો. તેવામાં એક ગૃહસ્થે આવી મને વિવેકથી પુછયું. 'કેમ ભાઇ, આપ કયાં રહો છો ? વખત હોય તો પધારો, હું સર્વે બતાવું. આ તમારા બાળકોનું નિવાસગૃહ છે.

હું તેમના સાથે વાતો કરતો અને નવા નવા પ્રશ્નો પુછતો આ મકાનના બધા ભાગો ફરી વળ્યો. કસરત શાળા-બગીચો અને એકાંત સ્વચ્છ સૌંદર્ય તો મેં બહારથીજ જોઇ લીધું હતું. પરંતુ સાથે ફરતાં ત્યાં મેં દેરાસર, લાયબ્રેરી, રૂ કાંતવાના ચરખા, કાપડ વણવાની શાળો, સભાગૃહ અને નિશાળ પણ જોયાં. કેટલાંક બાલકો પુસ્તકો અને વર્તમાન પત્રો વાંચતા, કોઇ વાજીંત્ર સાથે સંગીત શીખતા, કોઇ અભ્યાસ કરતા ને કોઇ માંહોમાંહે જ્ઞાનગોષ્ટી કરતાં જોયાં. હું જ્યાં ફર્યો ત્યાં રહેલાં બાળકો ઉભા થઇ વિવેકથી સત્કાર કરવાને ચુકયા ન હતા. જ્યારે હું કોઇ તેમનો આપ્ત પરીજન ન હોઉં તેમ મારા તરફ માયાથી જોઇ રહેતા. મારા પ્રશ્નને ઝીલી લેઇને નમ્ર ભાષામાં સંતોષકારક ખુલાસો કરતા ને પાછા પોતાના કામમાં વળગી જતા.

દરેક બાલકોને જરૂરનાં પુસ્તકો-સુવા-બેસવા અને સાચવવાના સાધનો તથા નિત્યકર્મ માટે કટાસણું-કપડાં વગેરે સર્વે ઉપકરણો નિરનિરાળા-સ્વતંત્ર અપાયેલાં જોયાં. ભણવાને નિશાળ પણ ગુરૂકુળમાંજ સ્વતંત્ર હતી, જેમાં વહેવારિક ગુજરાતી તેમજ અંગ્રેજી અને ધાર્મિક શિક્ષણ પદ્ધતિસર આપવાને ખાસ પ્રબંધ કરેલો જોયો. રસોડામાં દરેકની ખાસ જરૂરી સગવડ-સ્વછતા અને સંભાળ જોઇ. ખાવામાં પથ્ય, નિયમીતતા અને મીતાહારની સંભાળ રાખવાને ભુલાયું ન હોતું. હમેશાં અહીં બે આયંબીલતો બાળકોમાં અખંડ થયાજ કરે છે. એ જાણીને તો હું ઘણોજ ખુશી થઇ ગયો.

આરોગ્યતા માટે પણ ખાસ દેશી વૈદ્ય અને જરૂરી દવાઓનું સંગ્રહસ્થાન અહીં જોયું. શરીર તપાસ માટે ડોકટરને આવવાને પણ પ્રબંધ છે તે જાણ્યું. મને આપણી ભાવિપ્રજાને ઘડવા માટે જે ગામો ગામ ગુરૂકુળ જોવાને લાલચ થઇ હતી તે અહીં પ્રત્યક્ષ જોઇને મને અપૂર્વ શાંતિ થઇ.

સાથે ફરનારે અંતે વિવેકથી પૂછયું—'મહાશય ! આ આપનાજ બાળકો માટેનું આપનુંજ સ્થાન છે તો તેમાં કંઈ સુચના કરવા જેવું જણાય તે આપ ફરમાવશો. તો આ ખાતાના વ્યવસ્થાપકોને તેથી વાકેફ કરવામાં આવશે. અહીં આવનાર ગૃહસ્થ પોતાના વિચાર સ્વતંત્ર રીતે અહીં રાખેલી અભિપ્રાય નોંધ પોથીમાં લખી શકે છે ને તેની કોપી ખાતાના વ્યવસ્થાપકોને મોકલવામાં આવે છે.'

વ્યવસ્થાની આ વાત સાંભળી મને વધારે હર્ષ થયો. મેં જાણી લીધું કે ખાતાની દેખરેખ માટે મુંબઇમાં મુખ્ય ઓફીસ છે. અને તે કમિટિમાં શ્રીમાન-બુદ્ધિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાન અને ઉત્સાહી મુંબઇનાં પ્રતિષ્ઠિત આગેવાનો છે. તેની નજીકની સંભાળ માટે એક પેટા કમિટિ નજીકના સંસ્કારી શહેર ભાવનગરમાં છે. તેઓ વખતો વખત આવીને ખાતુ તપાસી રહે છે. ને તે છતાં હમેશની સંભાળ માટે સ્થાનિક કમિટિ પણ છે. દરેક સભ્યો તદ્દન લાગણીથી નિઃસ્વાર્થ સેવા આપે છે. આ વાતથી મને ખાતા ઉપર વિશ્વાસ અને પ્રેમ જામ્યો અને તેનું સુંદર ભવિષ્ય દેખાયું. ' પણ મારે હવે સુચવવું શું ' તે વિચારવાને મેં ખાતાની આર્થીક સ્થીતિ તેમજ હવે વધારે કંઈ કરવાનું છે ? તે પૂછયું. તેના જવાબમાં જાણી શકાયું કે–ખાતાના વ્યવસ્થાપકો હજી તો પોતે આ સંસ્થાને વધારવા ચાહે છે. પ્રાચિન જૈન સાહિત્યનું પ્રદર્શન કરવાની પણ તેમની ભાવના છે. તેઓ તો ઇચ્છે છે કે ગુરૂકુળનો બાળક ભવિષ્યનો આદર્શ આગેવાન બનવોજ જોઇએ. તેનું જીવન સ્વતંત્ર અને સુખી હોવું જોઇએ. તેનું મનોબળ દૃષ્ટ અને સંસ્કારી જોઇએ. તેનો વહેવાર પ્રમાણિક અને ધર્મ માર્ગને અનુસરેલો હોવો જોઇએ, તેનો વહેવાર નિરાભીમાની અને માયાળુ જોઇએ. આ ઉદ્દેશ ઉપરજ ગુરૂકુળનો ગઢ ચણાય છે. અને તેની સિદ્ધિ માટે તન–મન અને ધનથી સેવા અર્પવી એ સૌનો મુદ્રાલેખ છે.

આ સર્વેની સફળતા માટે જ્યારે મેં આર્થિક સ્થીતિ જાણી ત્યારે મને જરા ગ્લાની થઇ. પહેલું જ જરૂરનું કામ જે ગુરૂકુળ ગામો ગામ સ્થાપવાનું જૈન પ્રજા માટે જરૂરનું છે, તેનો પાયો નાંખી ચણતર ચણી રહેલા આ ખાતાને પૈસાના વરસાદથી રસબસ કરી નાંખવામાં જૈન પ્રજા આળસ કરે તે મારા મનને અસહ્ય થઇ પડ્યું. પોતાના ( સ્વામીભાઇના) સંતાનો ભાવિ પ્રજાના જીવન ઘડવા અને નિરાધાર બાળકોને ખોળામાં લઇ શહેરી બનાવવાને મથી રહેલા આ બ્રહ્મચર્યાશ્રમને તો જૈન પ્રજાએ નાણાની ઊણપ દેખાવાજ દેવી ન જોઇએ.

**અવસર.**

હમેશાં તેના ઉદયનો વિચાર કરવો જોઇએ, આંગણે અવસર આવે ત્યારે તો તેને પહેલાંજ યાદ કરવી જોઇએ. પવિત્ર પર્યુષણપર્વ જેવા દિવસોના પવિત્ર હેતુને સાધવાને પહેલાંજ આ અગત્યના ખાતાને કંઈને કંઇ રકમ દરેક જૈને આપવાનો ધર્મ–ફરજ મનાવી જોઇએ. મુનિવરોના ઉપદેશમાં–વિદ્વાનોના–વિચારોમાં–શ્રીમંતોની ઉદારતામાં એજ વાત હોવી જોઇએ, કે જૈન સમાજની ભાવિ પ્રજા શુદ્ધ સંસ્કારી અને સત્તાવાન બનાવવાને તૈયાર થયેલ આ ખાતાને જગતના એક આદર્શ સ્થાન તરીકે બનાવવું તેમાં સમગ્ર જૈન પ્રજાને માન અને મગરૂરી છે.

દેવદૂત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૫ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૬ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તે મનાધર્મપત્નિબાઇચુનીબાઇનોદ્રવ્યસહાયથી.
૭ ષટ્સ્થાનક સટીક.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૦ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૧૧ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૧૨ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૩ જૈન ગ્રંથ પ્રસ્તિત સંગ્રહ.
૧૪ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૫ ધાતુ પારાયણ.
૧૬ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા. સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
૧૭ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા-નવસારી.
૧૮ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૯ દાનપ્રદીપ „
૨૦ સંબોધ સિત્તરી „
૨૧ ધર્મરત્ન „
૨૨ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોધાવાળા, હાલ મુંબઇ.
૨૫ ચૈત્યવંદન મહાભાષ્ય (ભાષાંતર)
૨૪ નવતત્ત્વ ભાષ્ય (ભાષાંતર)

નંબર ૧૮-૧૯-૨૦-૨૧-૨૨ ૨૩-૨૪ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

## આ સભાના સુજ્ઞ વાર્ષિક સભાસદોને નમ્ર સુચના.

ગયા અઢારમા વર્ષના શ્રીઆત્માનંદ પ્રકાશ માસિકની ભેટની બુક છપાઇ ગયેલ છે. તેનું અઢારમું વર્ષ પૂર્ણ થઇ ઓગણીશમું શરૂ થયેલ છે. જેથી જે વાર્ષિક સભાસદ મહાશય પાસે આ વર્ષનું કે આગળના વર્ષનું સભાસદ તરીકે લવાજમ લેણું છે, તેટલા પુરતી ફી તથા ભેટની બુકના પોસ્ટ ખર્ચ સાથે રકમ ચડાવી ફી વસુલ કરવા બહાર ગામના સભાસદોને વી. વી. થી ભેટની બુકો મોકલવામાં આવશે જેથી તે સ્વીકારી લેવું. આ શહેરના સભાસદોને હાથોહાથ પહોંચડાવામાં આવશે, જેથી તેમની પાસે સભાસદ તરીકેના લેણી ફી-લવાજમ વગેરે કારકુનની પહોંચ લઈ આપવી અને ભેટની બુક લેવા મહેરબાની કરવી.

## ગયા અઢારમા વર્ષનુ શ્રીઆત્માનંદ પ્રકાશ માસિકનું લવાજમ પ્રથમ મોકલાવેલ માનવંતા ગ્રાહકોને વિનંતિ.

ઉપર પ્રમાણે અઢારમા વર્ષનું પ્રથમથી લવાજમ મોકલેલ ગૃહસ્થોનો ઉપકાર માનવા સાથે જણાવવા રજા લઇએ છીએ કે તેઓશ્રીના ઉપર આ વર્ષની ભેટની બુક માત્ર પોસ્ટ પુરતા પૈસા રૂા ૦-૫-૦ પાંચ આનાનું વી. પી. કરી મોકલવામાં આવે છે જેથી તેઓએ તે સ્વીકારી ભેટની બુક લેવી. નવા ( ચાલતા વર્ષ ) માટે લવાજમ મોકલવા કૃપા કરવી,

For Private And Personal Use Only

# મહાન્ અંતરાત્મા.

"આપણા મહાન અંતરાત્મામાંથીજ મહાન અને અમર કાર્યો કરનારી શક્તિ આવે છે. આપણે જાણીએ છીએ કે આપણામાં કોઇક એવી વસ્તુ છે કે જે કદિ પણ બીમાર પડતી નથી, કદિ પણ થાકતી નથી, અને કદિ પણ ભૂલ કરતી નથી. સત્ય, પ્રેમ વિગેરે સદ્ગુણો અખૂટ પ્રમાણમાં આપણા મહાના અંતરાત્મામાં વસે છે. એ અંતરાત્મા તમામ સૌન્દર્ય અને ન્યાયનો ભંડાર છે. જગતનાં સુંદરમાં સુંદર એવાં તમામ સ્ત્રી પુરૂષોનું સૌન્દર્ય મળીને પણ જેના શતાંશની તુલ્યે ન આવે એવું અતુલ સૌન્દર્ય, અનુપમ અને અખુટ આનંદ અને અગમ્ય શાંતિનો એમાં નિવાસ છે. અને જલ વા સ્થલપર કદિ પણ આવેલો નહિ એવો પ્રકાશ તેમાં સદાકાળ પ્રકાશી રહ્યો છે. આપણે સઘળા જાણીએ છીએ કે આપણામાં કોઇક એવી શક્તિ છે કે જે કદિ પણ નાશ પામતી નથી. જે અમર છે, દૈવી છે. સદાય જાગૃત અને પરમ કલ્યાણકારી એવો આ ગુપ્ત દેવદૂત્ત કે જે આપણું સમગ્ર જીવનમાં આપણી સાથેનો સાથેજ રહે છે, જે આપણને ચેતવણી આપવાને આપણને બોધ આપવાને અને આપણે ગમે ત્યાં જઇએ અથવા ગમે તેટલા પતિત થઇએ તો પણ આપણું સંરક્ષણ કરવાને પ્રયત્ન કરે છે, તેને આપણે સઘળા ઓળખીયે છીએ. ઘણા લોકોને આ મંગળ-કારક માતૃ શક્તિની, આ શાંતિ અને સદિચ્છાના સંદેશ વાહકની પ્રતીતિ, જાણે તેઓ તેને પોતાની નજરે જોઇ શકતા હોય તેમ નિશ્ચયપૂર્વક થાય છે. આપણા આ મહાન અંતરાત્મામાં કોઇક એવી શક્તિ છે કે જે આપણને કહે છે કે સર્વ વસ્તુઓને બનાવનારી પરમાત્મ શક્તિ સાથે આપણું તાદાત્મ્ય છે અને આપણે ખરી આતુરતાથી જ્યારે પણ આદરી બેસીએ ત્યારે તે શક્તિની સાથે તાદાત્મ્ય પ્રાપ્ત કરવાને શક્તિમાન છીએ અને એકવાર આપણે આ મહાન ઝરાનું અમૃતપાન કરીશું તો પુનઃ કદિ પણ આપણને લૌકિક ઇચ્છાઓ અને તંગીઓ સતાવી શકશે નહિ. શરીરના કોટ્યાવધી અણુઓમાં જે આરોગ્યતા વગર ઉપયોગે પડી રહી છે તેનો જો માત્ર ઉપયોગજ કરી શકાય તો ગમે તેવા રોગ પણ નિવૃત્ત થઇ જાય છે; પરંતુ ઘણા માણસો તેનો ઉપયોગ કર્યા વિનાજ આ સંસારમાંથી ચાલ્યા જાય છે.

"વિચારોના ચમત્કાર" માંથી.